RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 120 Dt. 23-11-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# સુપ્રીમમાં ૯૦ હજાર કેશ પેન્ડિંગ

## કેસનો તાકીદે નિકાલ કરવા ચીફ જસ્ટિસ સૂર્યકાંતની તાકિદ



નવીદિલ્હી, તા. ૨૨
ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું હતું કે હાલમાં સુપ્રીમ કોર્ટમાં આશરે ૯૦,૦૦૦ કેસ પેન્ડિંગ છે, અને તાત્કાલિક કાર્યવાહી એ જ તેમના ઉકેલનો એકમાત્ર રસ્તો છે. તેમણે નોંધ્યું હતું કે ઘણા કેસ નીચલી અદાલતો અને ઉચ્ચ અદાલતોમાં વર્ષોથી પેન્ડિંગ છે કારણ કે સંબંધિત કાનૂની પ્રશ્ન પર સુપ્રીમ કોર્ટમાં નિર્ણય પેન્ડિંગ છે. તેમણે જણાવ્યું હતું કે તેઓ આવા કેસોને ઓળખશે અને તાત્કાલિક યોગ્ય બેન્ચની રચના કરશે જેથી તેમને સુનાવણી માટે પ્રાથમિકતા આપવામાં આવે. તેમણે જણાવ્યું હતું કે તેમની પ્રથમ પ્રાથમિકતા ન્યાયિક પ્રણાલીમાં સંતુલન પુનઃસ્થાપિત કરવા માટે સૌથી જૂના કેસોનો તાત્કાલિક નિકાલ થાય તે સુનિશ્ચિત કરવાની રહેશે. તેમણે જનતા અને વકીલોને શિક્ષિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો કે ઉચ્ચ અદાલતો પણ બંધારણીય સત્તાઓ ધરાવે છે અને સીધા સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવાની વૃત્તિ ઘટાડે છે.

ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું હતું કે દેશભરમાં મધ્યસ્થીને પ્રોત્સાહન આપવું એ સમયની જરૂરિયાત છે. તેમણે જણાવ્યું હતું કે ખાનગી સંસ્થાઓ, બેંકો અને જાહેર ક્ષેત્રના સાહસો હવે અદાલતોમાં લાંબા મુકદ્દમા ટાળવા માંગે છે અને મધ્યસ્થીને એક વ્યવહારુ વિકલ્પ તરીકે ધ્યાનમાં લઈ રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે મધ્યસ્થીમાં અધિકારીઓને તાલીમ આપવાથી દેશમાં અદાલતો પરનો ભાર નોંધપાત્ર રીતે ઓછો થશે.

તેમણે એવું પણ સૂચન કર્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેના વિવાદો તેમજ રાજ્ય સરકારો વચ્ચેના વિવાદોમાં મધ્યસ્થીનો વિકલ્પ પસંદગીનો બનાવી શકાય. ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું કે સમુદાય મધ્યસ્થીનો પણ વિસ્તાર કરવો જોઈએ અને આ માટે યોગ્ય વાતાવરણ બનાવવું જોઈએ. તેમણે એમ પણ સૂચન કર્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેના વિવાદો તેમજ રાજ્ય સરકારો વચ્ચેના વિવાદોમાં મધ્યસ્થીનો પણ પસંદગીનો વિકલ્પ બનાવી શકાય. ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું કે સમુદાય મધ્યસ્થીનો પણ વિસ્તાર કરવો જોઈએ અને આ માટે યોગ્ય વાતાવરણ બનાવવું જોઈએ.

AI અંગે, તેમણે કહ્યું કે તેના ફાયદા અને કેટલીક ચિંતાઓ બંને છે. તેમણે સમજાવ્યું કે AIનો ઉપયોગ પ્રક્રિયાગત બાબતોમાં મર્યાદિત હદ સુધી થઈ શકે છે, પરંતુ દરેક કેસમાં અંતિમ નિર્ણય ફક્ત ન્યાયાધીશ દ્વારા જ આપવો જોઈએ. ખોટા કેસોના ChatGPTના ઉદાહરણ અંગે, તેમણે કહ્યું કે આ એક પડકાર છે અને તેઓ બાર સાથે AIના ઉપયોગની મર્યાદાઓ અને કયા સંજોગોમાં તેને મંજૂરી આપવી જોઈએ તે અંગે ચર્ચા કરશે.

### ચાલુ વર્ષમાં ૪૫ ભોંય ભેગા : ૨૦૨૪ માં ૬૧ આતંકવાદીઓ માર્યા ગયા

# જમ્મુ-કાશ્મીરમાં ૧૦૦ પાકિસ્તાની આતંકી સક્રિય

નવીદિલ્હી તા. ૨૨
દિલ્હી લાલ કિલ્લા બોમ્બ વિસ્ફોટ કેસમાં કેન્દ્રીય એજન્સીઓ તપાસ કરી રહી છે અને દેશભરમાં આતંકવાદી નેટવર્કનો પર્દાફાશ કરી રહી છે, ત્યારે જમ્મુ અને કાશ્મીર વિદેશી અને સ્થાનિક આતંકવાદીઓની સમસ્યાનો સામનો કરી રહ્યું છે. હાલનું આતંકવાદી માળખા સુરક્ષા દળો માટે પડકાર ઉભું કરે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં હાલમાં આશરે ૧૩૧ આતંકવાદીઓ સક્રિય છે, જેમાંથી ૧૨૨ પાકિસ્તાની નાગરિકો છે અને નવ સ્થાનિક આતંકવાદીઓ છે.

સુરક્ષા દળો આ વર્ષે અત્યાર સુધીમાં પ્રદેશમાં સક્રિય ૪૫ આતંકવાદીઓને ખતમ કરવામાં સફળ રહ્યા છે. ઉપરોક્ત ડેટા, જેમાં ફક્ત નવ સ્થાનિક આતંકવાદીઓનો સમાવેશ થાય છે, તે ભરતી પ્રક્રિયામાં પરિવર્તન દર્શાવે છે. આતંકવાદી સંગઠનો સ્થાનિક યુવાનોને આકર્ષવામાં નિષ્ફળ રહ્યા છે અને શિક્ષિત વ્યાવસાયિકો તરફ વળ્યા છે. ગુપ્તચર સૂત્રોએ જણાવ્યું હતું કે તેઓ તેમને કટ્ટરપંથી બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને કેટલાકનો આત્મઘાતી બોમ્બર તરીકે ઉપયોગ કરી રહ્યા છે.



'વ્હાઈટ-કોલર આતંકવાદીઓ' તરીકે ઓળખાતા, આ ભરતી કરનારાઓ ગુપ્ત રીતે અને ખૂબ જ ઓછી પ્રોફાઈલમાં કાર્ય કરે છે, લોજિસ્ટિક્સ, ભરતી અથવા આતંકવાદી ભંડોળ પૂરું પાડે છે.

દિલ્હી લાલ કિલ્લા બોમ્બ વિસ્ફોટ કેસમાં આ પેટર્ન સ્પષ્ટપણે સ્પષ્ટ હતી. ડોકટરો જેવા વ્યાવસાયિકો ૧૦ નવેમ્બરના રોજ થયેલા ઘાતક હુમલાનો ભાગ હતા જેમાં ઘણા લોકો માર્યા ગયા અને ઘાયલ થયા. તેથી, વ્હાઈટ-કોલર ઈકોસિસ્ટમને નાબૂદ કરવી એ સુરક્ષા દળો માટે ટોચની પ્રાથમિકતા છે, જે કેન્દ્ર સરકારના છેલ્લા કેટલાક વર્ષોમાં આતંકવાદ વિરોધી પ્રયાસો દ્વારા પુરાવા મળે છે. ગુપ્તચર માહિતી અનુસાર, ૨૦૨૪ માં ૬૧ આતંકવાદીઓ માર્યા ગયા હતા, જેમાં ૪૫ અંતરિયાળ વિસ્તારમાં અને ૧૬ નિયંત્રણ રેખા (LoC) નજીકનો સમાવેશ થાય છે. નોંધપાત્ર રીતે, તેમાંથી ૨૧ પાકિસ્તાની નાગરિકો હતા.

# RMCમાં પેનલ્ટી માફીનું 30 કરોડનું કૌભાંડ?

## ત્રણ વર્ષ કરતાં પણ લાંબા સમયથી ચાલતી 'ગોબાચારી' વિશે અધિકારીઓ-પદાધિકારીઓ 'અજાણ' કે ઈરાદા પૂર્વક 'બેધ્યાન'? : કોન્ટ્રાકટરો એન્જિનિયરોએ ટેન્ડરની શરતો મુજબ સમય મર્યાદા કરતાં મોડાં કામ પુરાં કર્યા છતાં ત્રણ વર્ષમાં રૂપિયા ૨૫ થી ૩૦ કરોડની પેનલ્ટી કોનાં ઈશારે અને દબાણને કારણે માફ કરવી પડી? કમિશનર તપાસ કરશે?

રાજકોટ, તા.૨૨
રાજકોટમાં આજે રાજયના મક્કમ અને મૃદુ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે મહાનગરપાલિકા હસ્તકના રૂપિયા ૫૪૦ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું છે ત્યારે બીજી તરફ મહાનગરપાલિકાના વિકાસ કાર્યો કરતી એજન્સીઓ અને કોન્ટ્રાક્ટરોને મહાનગરપાલિકાના અલગ વિકાસ કાર્યો સમય મર્યાદા કરતાં મોડાં પુરાં કરવા છતાં કરોડો રૂપિયાની પેનલ્ટી માફ કરી ખેરિયત બાંટવામાં આવી છે. લાંબા સમયથી ચાલતા આ નાણાકીય કૌભાંડ વિશે અધિકારીઓ અને પદાધિકારીઓને અજાણ છે કે તિજોરી ભરવા ઈરાદા પૂર્વક બેધ્યાન બની રહ્યા છે તેવો પ્રશ્ન મહાનગરપાલિકામાં ચર્ચાઈ રહ્યો છે.

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ પેનલ્ટી માફીનુ આ કૌભાંડ એક બે મહિનાથી નહીં પણ છેલ્લા ત્રણ વર્ષથી ખૂબ જ સાવચેતી પૂર્વક અને કોઈ અધિકારીનાં ધ્યાનમાં ન આવે તે રીતે ચલાવાઈ રહ્યું છે. પેનલ્ટી માફીનો આ આંકડો પણ નાનો સુનો નહીં રૂપિયા ૩૦ કરોડ થી વધુ છે.

મહાનગરપાલિકાના કેટલાક 'દાઝેલા' સુત્રોએ જણાવ્યું હતું કે, મહાનગરપાલિકામાં




છેલ્લા ત્રણ વર્ષમાં બ્રિજ, આવાસ, પમ્પિંગ સ્ટેશન જેવી અનેક મહત્વપૂર્ણ વિકાસ યોજનાઓ સમય મર્યાદા કરતાં મોડાં પુરાં કરવા છતાં મહાનગરપાલિકાના ભ્રષ્ટ તંત્રનાં પાપે એજન્સીઓ અને કોન્ટ્રાક્ટરોને નિયમાનુસાર પેનલ્ટી કરવાને બદલે 'જા તુઝે માફ કિયા' ની જેમ કરોડો રૂપિયાની પેનલ્ટી માફીની ખેરિયત બાંટવામાં આવી છે. સ્વાભાવિક રીતે આ 'સેવા કાર્ય' થી અધિકારીઓ અને પદાધિકારીઓના પેટ પણ ભરાયા છે.

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જ્યારે પેનલ્ટી માફ કરવામાં આવે ત્યારે જે તે શાખાના જવાબદાર અધિકારીઓ દ્વારા કોન્ટ્રાક્ટ પુરો થવા સુધી ટેન્ડરની શરતો મુજબ સમય મર્યાદામાં કામ પુરુ ન થવા પાછળ કોન્ટ્રાક્ટરની કોઈ બેદરકારી નથી તેવો રિપોર્ટ આપી કોન્ટ્રાક્ટરોને છાવરવામાં આવે છે. આવા બચાવ પાછળ રાજકિય દબાણ અને 'માલ પ્રેક્ટિસ' બન્ને કારણભૂત છે. વળી, કામ નિયત સમય મર્યાદામાં પુરાં ન થાય તો કેટલી સમય મર્યાદા વધારવી જોઈએ તેના કોઈ ધારા ધોરણ કે નીતિ નિયમો નક્કી કરાયા ન હોય તેનો લાભ કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ બન્ને ઉઠાવી રહ્યા છે.

રાજકોટમાં છેલ્લા ત્રણ વર્ષમાં થયેલા બ્રીજ, આવાસો, પમ્પિંગ સ્ટેશન વગેરેની પેનલ્ટી માફ કરવામાં આવી છે. જો કમિશનર કે રાજયના વિજીલન્સ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવે તો આ આંકડો ₹ ૨૫ કરોડને પણ ઓળંગી જાય તેમ છે.

આવી માફી ક્યાં સંજોગોમાં આપવામાં આવી તેની જાણ શહેરીજનોને ન થાય તે માટે અધિકારીઓ અને શાસકો દ્વારા આ પેનલ્ટી માફીનો ઠરાવ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં ન આવે તેવાં તમામ પ્રકારનાં ભરપૂર પ્રયાસ કરવામાં આવે છે

સુત્રોએ એમ પણ કહ્યું હતું કે, સામાન્ય સિદ્ધાંત એવો છે કે, જે કામ માટે સ્ટેન્ડિંગ કમિટીએ સમય મર્યાદા નક્કી કરી હોય તેની સમય મર્યાદામાં વધારો કરવો હોય તો ફરી સ્ટેન્ડિંગ કમિટી માં દરખાસ્ત કરવી પડે. પરંતુ યેનકેન પ્રકારે તે ટાળવામાં આવે છે. આ સામે સ્ટેન્ડિંગ ચેરમેન અને સભ્યોનું મૌન પણ શંકા પ્રેરે તેવું છે.

### પેનલ્ટી માટેના નિયમોનું પાલન થતું નથી

**સામાન્ય રીતે એક એવો નિયમ છે કે, જો દસ ટકાથી વધુ પેનલ્ટી થતી હોય તો તેવી એજન્સીઓને બ્લેક લિસ્ટ કરવી પડે છે. પરંતુ, આવાસ, બ્રિજ, પમ્પિંગ સ્ટેશન, ઈ બસ સેવા જેવાં મોટાં ગજાની એજન્સીઓ કે કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટ કરવાંને બદલે મહાનગરપાલિકાના અધિકારીઓ અને શાસકો ઘૂંટણિયે પડી પગ પકડી લે છે. અને કામગીરીમાં વિલંબ એજન્સીઓ કે કોન્ટ્રાક્ટરોને કારણે નહીં પણ ''અસામાન્ય'' સંજોગોમાં થયો છે તેવો સ્વિકાર કરી કરોડો રૂપિયાની ખેરાત એજન્સીઓના અને કોન્ટ્રાક્ટરોના ચરણોમાં અર્પણ કરી દે છે. અને કરોડોના વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત લોકાર્પણ કરાવી પોતાની વાહવાહી મેળવે છે.**

# વૈશ્વિક વિકાસ માટે નવી દિશા શોધો : PM

## આરોગ્ય કટોકટી માટે ગ્લોબલ હેલ્થકેર રિસ્પોન્સ ટીમની સ્થાપના સાથે ડ્રગ, ટેરર નેક્સસનો સામનો કરવા વડાપ્રધાન મોદીએ G20 દેશનોને કરી અપીલ

નવીદિલ્હી, તા. ૨૨
દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં G20 સમિટને સંબોધતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક વિકાસ માટે નવી દિશા શોધવાનું આહ્વાન કર્યું. તેમણે વર્તમાન વિકાસના દાખલા પર પ્રશ્ન ઉઠાવ્યો અને ભારતના એકીકૃત માનવતાવાદના દર્શનને સ્વીકારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે વૈશ્વિક કટોકટીઓને સંબોધવા માટે બે મહત્વપૂર્ણ દરખાસ્તો પણ રજૂ કરી. પ્રથમ દરખાસ્તમાં કુદરતી આફતો અને આરોગ્ય કટોકટી માટે G20 ગ્લોબલ હેલ્થકેર રિસ્પોન્સ ટીમની સ્થાપના કરવાની હાકલ કરવામાં આવી છે. પીએમ મોદીના મતે, આ ટીમમાં તાલીમ પામેલા તબીબી નિષ્ણાતોનો સમાવેશ થવો જોઈએ જેમને કટોકટીના સમયે તાત્કાલિક તૈનાત કરી શકાય. બીજા દરખાસ્તમાં




ડ્રગ-ટેરર નેક્સસનો સામનો કરવા માટે G20 પહેલનો આહ્વાન કરવામાં આવ્યો છે જેથી માદક દ્રવ્યો અને આતંકવાદ વચ્ચેના જોડાણને તોડી શકાય. વડા પ્રધાને ચેતવણી આપી હતી કે ફેન્ટાનાઈલ જેવી ઘાતક દવાઓ માત્ર જાહેર આરોગ્ય માટે ખતરો જ નથી, પરંતુ આતંકવાદી ભંડોળનો મુખ્ય સ્ત્રોત પણ બની રહી છે. આનો સામનો કરવા માટે, નાણાં, શાસન અને સુરક્ષાને એકસાથે આવવું જોઈએ.

વડા પ્રધાન મોદીએ કહ્યું કે છેલ્લા કેટલાક દાયકાઓમાં, G20એ વૈશ્વિક નાણાં અને વિશ્વ આર્થિક વિકાસને આકાર આપ્યો છે. પરંતુ અત્યાર સુધી ઉપયોગમાં લેવાતા વિકાસ પરિમાણોએ મોટી વસ્તીને સંસાધનોથી વંચિત રાખી છે. તેઓએ કુદરતી સંસાધનોના વધુ પડતા શોષણને પણ પ્રોત્સાહન આપ્યું છે. આફ્રિકા આનો મોટો ભોગ બની રહ્યું છે. આજે, જ્યારે આફ્રિકા પહેલીવાર G20 સમિટનું આયોજન કરી રહ્યું છે, ત્યારે આપણે વિકાસના પરિમાણો પર પુનર્વિચાર કરવો જોઈએ. પીએમએ જણાવ્યું હતું કે એક માર્ગ ભારતના સભ્યતા મૂલ્યોમાં રહેલો છે, અને તે માર્ગ અભિન્ન માનવતાવાદ છે. આનો અર્થ એ છે કે આપણે માનવતા, સમાજ અને પ્રકૃતિને એકીકૃત સમગ્ર તરીકે જોવું જોઈએ; તો જ પ્રગતિ અને પ્રકૃતિ વચ્ચે સુમેળ શક્ય બનશે. વિશ્વભરમાં ઘણા સમુદાયો છે જેમણે તેમની પરંપરાગત અને પર્યાવરણીય રીતે સંતુલિત જીવનશૈલી જાળવી રાખી છે. આ પરંપરાઓ ટકાઉપણું, સાંસ્કૃતિક જ્ઞાન, સામાજિક સંકલન અને પ્રકૃતિ પ્રત્યે ઊંડો આદર દર્શાવે છે.

ભારત વતી, પીએમ મોદીએ સૂચન કર્યું કે G20માં પરંપરાગત જ્ઞાનનો ભંડાર બનાવવામાં આવે. ભારતની ભારતીય જ્ઞાન પ્રણાલી પહેલ આ માટે પાયા તરીકે સેવા આપી શકે છે. આ વૈશ્વિક પ્લેટફોર્મ ભવિષ્યની પેઢીઓ સુધી માનવતાના સર્વાંગી જ્ઞાનનો પ્રસાર કરવામાં મદદ કરશે.



# વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં સીરામીક હબ મોરબી ઝળહળશે

## મોરબીનું સિરામિક વિશ્વકક્ષાએ અગ્રેસર બનવા સજ્જ : વાઈબ્રન્ટ રિઝ્યોનલ કોન્ફરન્સથી રોકાણ અને નિકાસની વધશે સંભાવના



રાજકોટ, તા. ૨૨

વાઈબ્રન્ટ ગુજરાત જે સમયથી શરૂ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવ્યું છે તે સમયથી જ ગુજરાતની કાયાપલટ થઈ ચૂકી છે અને વિશ્વભરમાં સમયાંતરે ગુજરાતનું નામ ગુંજી રહ્યું છે. વાઈબ્રન્ટ સમિટ ને જે રીતે સફળતા મળી રહી છે તેનાથી ગુજરાત ભરમાં વિદેશી રોકાણ નું પ્રમાણ પણ વધ્યું છે ત્યારે આ વખતે વાઈબ્રન્ટ કોન્ફરન્સ યોજાઈ રહી છે અને રાજ્યના મુખ્ય જિલ્લાઓમાં આ કોન્ફરન્સનું આયોજન પણ થઈ રહ્યું છે જેથી વિદેશી રોકાણકારોને જે તે સ્થળ અને જિલ્લા વિશે પૂરતી માહિતી મળતી રહે અને તેમના ઉદ્યોગ વિશે પણ તેઓ જાણકારી મેળવી શકે ત્યારે સૌરાષ્ટ્ર કચ્છ માટે રાજકોટમાં જે વાઈબ્રન્ટ કોન્ફરન્સ યોજાશે તેનાથી રાજકોટ જિલ્લા સહિત સૌરાષ્ટ્ર કચ્છને ખાસ ફાયદો પહોંચશે અને તેમાં પણ મોરબી એટલે કે સીરામીક હબ તરીકે જે ઓળખ ઊભી થઈ છે તેને પણ ખાસો એવો ફાયદો થશે ને ખૂબ વધુ રોકાણ મોરબીમાં આવે તેવા પણ ઉજળા સંજોગો જોવા મળી રહ્યા છે. રોકાણની સાથો સાથ નિકાસ ને પણ વેગ મળી રહે તેવી પ્રબળ સંભાવનાઓ છે.

ગુજરાતના સૌરાષ્ટ્ર ક્ષેત્રનું મોરબી આજે સિરામિક ઉદ્યોગના વૈશ્વિક પાવરહાઉસ તરીકે ઉભરી રહ્યું છે. મોરબી વિશ્વનું બીજું સૌથી મોટું સિરામિક ઉત્પાદન હબ છે, જ્યાં ૮૦૦થી વધુ સિરામિક યુનિટ વૈશ્વિક બજારોમાં નિકાસ કરે છે. ક્ષેત્રના વિકાસમાં મોરબીના સિરામિક ઉદ્યોગનો ફાળો નોંધનીય છે અને આ રીતે તે વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનમાં પણ યોગદાન આપી રહ્યું છે તેમજ વધતી વૈશ્વિક માંગને પણ પૂર્ણ કરી રહ્યું છે.

ભારત સિરામિક ઉત્પાદનોનો છઠ્ઠો સૌથી મોટો નિકાસકાર દેશ છે, જેમાં મોરબીનો ફાળો મુખ્ય છે. ૨૪ જુલાઈ ૨૦૨૫ના રોજ ભારત-યુકે વ્યાપક આર્થિક અને વ્યાપાર કરાર (CETA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે ગુજરાતના ઉદ્યોગો, ખાસ કરીને મોરબી સિરામિક ક્લસ્ટર માટે મહત્વપૂર્ણ સાબિત થયો છે. આ કરાર મુખ્ય ભારતીય નિકાસ માટે શૂન્ય-ડ્યુટી અને ટેરિફ-મુક્ત ઍક્સેસ સુનિશ્ચિત કરે છે.

છેલ્લા ૩-૪ વર્ષમાં ભારતમાંથી યુકેમાં સિરામિક નિકાસ ત્રણ ગણી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૧૦ મિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે, જેમાં મોરબીનો ૬૫% ફાળો (૭૧.૬ મિલિયન ડોલર) છે. ઉલ્લેખનીય છે કે, યુકેમાં પોર્સેલિન સ્લેબ, ટાઇલ્સ અને ક્વાર્ટઝ ઉત્પાદનો જેવી પ્રીમિયમ બાંધકામ સામગ્રીની માંગ વધી રહી છે, જેને ભારત પૂરી કરી રહ્યું છે. વધી રહેલાં શહેરીકરણ, સરકારની હાઉસિંગ યોજનાઓ અને સ્વચ્છ ભારત મિશન જેવા પરિબળોના કારણે સિરામિક ક્ષેત્રમાં વિશાળ સંભાવનાઓ રહેલી છે. મોરબીમાં વોલ-ટાઇલ્સ, ફ્લોર-ટાઇલ્સ અને બાથરૂમ એક્સેસરીઝ સહિત સિરામિક અને સેનિટરીવેરનું ઉત્પાદન થાય છે. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે મોરબીને સિરામિક ટાઇલ્સ અને સેનિટરીવેર માટે ટાઉન ઑફ એક્સપોર્ટ એક્સેલન્સ (TEE)નો દરજ્જો આપ્યો છે.

મોરબી સિરામિક ક્લસ્ટર મેન્યુફેક્ચરિંગ યુનિટ (ઉત્પાદન એકમો)માં આશરે ૩.૫ લાખ વ્યક્તિઓને સીધી રોજગારી આપે છે અને લગભગ ૧૦ લાખ લોકોને પરોક્ષ રોજગાર પૂરો પાડે છે. આ ઉદ્યોગે લોજિસ્ટિક્સ, પેકેજિંગ, કાચા માલનો પુરવઠો વગેરે જેવા સહાયક ઉદ્યોગોમાં પરોક્ષ અને પ્રત્યક્ષ રોજગારની તકો ઊભી કરી છે. તેનાથી સ્થાનિક લોકો અને અન્ય રાજ્યોના કામદારો માટે પણ રોજગારીનું સર્જન થયું છે.

મોરબી સિરામિક ક્લસ્ટર એક પ્રાદેશિક ઉદ્યોગમાંથી મુખ્ય વૈશ્વિક નિકાસકાર બન્યું છે. આ પ્રગતિ થવાના કારણે ગુજરાત આજે એક પસંદગીનું રોકાણ સ્થળ બની ગયું છે અને ''મેડ ઇન મોરબી'' વૈશ્વિક બ્રાન્ડ બની ગઈ છે. ૨૦૦૩માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સૌપ્રથમ વખત યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટથી આ ઉદ્યોગને ઘણો ફાયદો થયો છે. હવે વાઈબ્રન્ટ ગુજરાત સમિટના વિઝનને આગળ વધારતાં ગુજરાત સરકાર ૮-૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાજકોટ ખાતે કચ્છ-સૌરાષ્ટ્ર પ્રદેશની રિજનલ કોન્ફરન્સનું આયોજન કરવા જઈ રહી છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ વધુમાં વધુ રોકાણ આકર્ષવાનો અને સ્થાનિક ઉદ્યોગસાહસિકોની ક્ષમતા અને પ્રતિભાને ઉજાગર કરવાનો છે. આ કોન્ફરન્સના માધ્યમથી મોરબી વિશ્વ મંચ પર ઉજાગર થશે અને સિરામિક ક્લસ્ટર વધુ મજબૂત બનશે.



# વડનગરમાં તાના-રીરી મહોત્સવનો શુભારંભ

## મુખ્યમંત્રી રહેશે હાજર : બે દિવસના કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ કલાકારો શાસ્ત્રીય ગાયન વાદન અને લોકસંગીતના રજુ કરશે કાર્યક્રમો

રાજકોટ, તા. ૨૧

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે દર વર્ષે તાના-રીરી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે આ મહોત્સવનો શુભારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૨૨ નવેમ્બરે કરવામાં આવશે. આ વર્ષે સુપ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયિકા કલાપિની કોમકલીને તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ પ્રદાન કરવામાં આવશે. ૨૨ અને ૨૩ નવેમ્બર સુધીના બે દિવસીય કાર્યક્રમમાં સાંજના સમયે શાસ્ત્રીય ગાયન, વાદન અને લોકસંગીતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના બીજા દિવસે ગુજરાત સરકારના વન, પર્યાવરણ અને માર્ગ પરિવહન વિભાગના રાજ્યકક્ષાના મંત્રી  પ્રવિણ માળી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

વડનગરની ઐતિહાસિક સંગીત પરંપરાને જીવંત રાખવા માટે વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તાના-રીરી મહોત્સવ અને તાના-રીરી સંગીત સન્માન એવોર્ડની વર્ષ ૨૦૧૦માં શરૂઆત કરવામાં આવી હતી. રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તક સંગીત નાટક અકાદમી દ્વારા સંગીત સમ્રાજ્ઞી તાના-રીરીની યાદમાં દર વર્ષે આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.

### સંગીત સમારોહ

આ બે દિવસીય કાર્યક્રમાં પ્રથમ દિવસે સાંજે ૬.૩૦ વાગ્યે કલાપિની કોમકલી દ્વારા શાસ્ત્રીય ગાયન, નિલાદ્રી કુમાર દ્વારા શાસ્ત્રીય વાદન અને ઈશાની દવે દ્વારા લોકસંગીતની પ્રસ્તૂતિ કરવામાં આવશે. બીજા દિવસે ડો. સુભદ્રા દેસાઇ દ્વારા શાસ્ત્રીય ગાયન, નિનદ અધિકારી અને તેમની ટીમ દ્વારા શાસ્ત્રીય વાદન અને પાર્થ ઓઝા અને તેમની ટીમ દ્વારા લોકસંગીતની પ્રસ્તૂતિ કરવામાં આવશે.

### ગુજરાતના સંગીત ઈતિહાસમાં અમર થયેલું નામ 'તાના-રીરી'

ભક્ત કવિ નરસિંહ મહેતાની દોહિત્રી શર્મિષ્ઠાની સુપુત્રીઓ તાના અને રીરીએ તેમના સંગીત પ્રત્યેના સમર્પણથી ગુજરાતના સંગીત ઈતિહાસમાં તેમનું નામ અમર કરી દીધું છે. સંગીત સમ્રાટ તાનસેને જ્યારે દીપક રાગ છેડ્યો ત્યારે તેમના શરીરમાં દાહ ઉત્પન્ન થઇ હતી જેને મલ્હાર રાગ ગાઇને તાના-રીરીએ શાંત કરી હતી. તેમની કલાના સન્માન ખાતર તેમણે આત્મબલિદાન આપ્યું હતું. આ સંગીતની કલાધારિણી બહેનોના સન્માનમાં વડનગરના તાના-રીરી સમાધિ સ્થળ ખાતે વર્ષ ૨૦૦૩થી દર વર્ષે તાના-રીરી શાસ્ત્રીય સંગીત મહોત્સવ યોજાય છે.



# કાલથી ડાંગર, બાજરી જુવારની ટેકાના ભાવે ખરીદી

## ૩૧ જાન્યુઆરી સુધી ખરીદી કરવાનો મુખ્યમંત્રીનો  સંવેદનશીલ નિર્ણય

રાજકોટ, તા. ૨૨

સોમવાર તા. ૨૪ નવેમ્બરથી રાજ્ય સરકાર ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૨૫-૨૬ અંતર્ગત લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, મકાઈ તથા રાગીની ખરીદી સીધી ખેડૂતો પાસેથી કરશે.  મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ધરતીપુત્રો પ્રત્યે સંવેદનાસ્પર્શી અભિગમ અપનાવીને  રૂપિયા ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક રાહત પેકેજ તાજેતરમાં વરસાદથી થયેલા નુકસાનમાંથી  ખેડૂતોને બેઠા  કરવા આપેલું છે. હવે  તેમણે ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૨૫-૨૬ અન્વયે બાજરી, જુવાર, મકાઈ અને રાગીની સીધી ખરીદીનો ખેડૂત અને ગરીબ કલ્યાણલક્ષી નિર્ણય કર્યો છે. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ રાજકોટમાં આ જાહેરાત કરતા કહ્યું કે, ડાંગર માટે પ્રતિ હેક્ટર ૧૫૦૦ કિલોગ્રામ ડાંગરનો જથ્થો નોંધણી થયેલા ધરતીપુત્રો પાસેથી ખરીદ કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, સોમવાર ૨૪ નવેમ્બરથી આગામી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી આ ખરીદી અન્વયે ડાંગર માટે રાજ્યભરમાં ૧૧૩ ખરીદ કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, બાજરી માટે ૧૫૦, જુવાર માટે ૫૦, મકાઈ માટે ૮૨ અને રાગી માટે ૧૯ નિયત કેન્દ્ર પરથી ખરીદી થશે. કૃષિ મંત્રીએ વધુમાં જણાવ્યું કે, આ ખરીદી અન્વયે બાજરી હેક્ટરદીઠ ૧૮૪૮ કિલોગ્રામ, જુવાર પ્રતિ હેક્ટર ૧૫૩૯ કિલોગ્રામ, મકાઈ હેક્ટર દીઠ ૧૮૬૪ કિલો અને રાગી હેક્ટર દીઠ ૯૦૩ કિલોગ્રામ પ્રમાણે ખરીદી થશે.

કેન્દ્ર સરકાર દ્વારા ક્વિન્ટલ દીઠ ખરીદીના જે લઘુતમ ટેકાના ભાવ જાહેર કરાયા છે તેમાં ડાંગર માટે ક્વિન્ટલ દીઠ ૨૩૬૯ અને ૨૩૮૯, બાજરીના ૩૦૭૫, જુવાર (હાઈબ્રીડ)ના ૩૯૯૯, જુવાર (માલદંડી)ના ૪૦૪૯, મકાઈના ૨૪૦૦ અને રાગી માટે ૫૧૮૬ ભાવ રહેશે. ટેકાના ભાવે વિશાળ જથ્થામાં આવી જણસીઓ ખરીદીને રાજ્યના NFSA અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ આવરી લેવાયેલા ૭૪ લાખ પરિવારોના ૩.૬૦ કરોડ લોકોને વિનામૂલ્યે વિતરણ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ ખેડૂત અને ગરીબ હિતકારી નિર્ણય માટે અન્ન નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીએ પણ તેમનો આભાર માન્યો છે.

# સરકારી નિમણૂક મેળવેલા ૪૪૦૦ યુવાઓને આહવાન

## રાજ્ય સરકારમાં મળેલી નોકરીની તકને માત્ર નિમણૂક નહી પણ સામાન્ય માનવીની સેવાથી રાષ્ટ્રનિર્માણમાં યોગદાનની તક તરીકે સ્વીકારો : મુખ્યમંત્રી

રાજકોટ, તા. ૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિવિધ સંવર્ગોમાં વર્ગ-૩માં નવી નિમણૂક મેળવી રહેલાં ૪,૪૭૩ યુવાઓને આહવાન કર્યુ કે,રાજ્ય સરકારની સેવામાં તેમને મળેલી તકને માત્ર નિમણૂક નહી પરંતુ સામાન્ય માનવીની સેવાથી રાષ્ટ્રનિર્માણમાં યોગદાનની તક તરીકે સ્વીકારે. આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નાગરિક દેવો ભવઃનો મંત્ર સરકારમાં અપનાવ્યો છે અને લોકોને ગુડ ગવર્નન્સની સતત પ્રતિતિ કરાવી છે. નવી નિમણૂક મેળવી રહેલા યુવાઓ પણ પ્રમાણિકતા સાથે કાર્યરત રહીને, કોઈ નાના માનવીની મુશ્કેલી દૂર કરીને કે કોઈ વિધવા માતાના આંસુ લુછીને ,નિરાધારનો આધાર બનીને સંવેદનશીલ સરકારની અનુભૂતિ પોતાના વાણી વર્તન અને વ્યવહારથી કરાવે તેવી તેમની પાસેથી અપેક્ષા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર,ગાંધીનગર ખાતે વિકસિત ભારત, વિકસિત ગુજરાત અંતર્ગત ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સરકારના વિભાગોમાં વિવિધ કેડરમાં પસંદગી પામેલા કુલ ૪,૪૭૩ ઉમેદવારોમાંથી પ્રતિકાત્મક રૂપે ૨૧ જેટલા ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કૃષિ અને પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણી, વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ  અન્ન નાગરિક પુરવઠા-ગ્રાહકોની બાબતોના મંત્રી રમણભાઈ સોલંકી વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા.

મુખ્યમંત્રીએ યુવાઓને પ્રેરણા આપતાં કહ્યુ કે, ફરજો અને કામગીરીમાં શિથિલતા નહી પરંતુ નવિનતાના અભિગમ સાથે રાષ્ટ્રહિત પ્રથમ અને રાજ્યના વિકાસથી રાષ્ટ્રના વિકાસના ભાવને સમગ્ર કેરિયરમાં પ્રાથમિકતા આપીને ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણના તેઓ સંવાહક બને. તેમણે કહ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુડ ગવર્નન્સ માટે ટ્રાન્સપરન્સી અને ડિજિટલ ટેકનોલોજીનો વધુ ઉપયોગ તથા હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ પર જે ફોકસ કર્યુ છે તેને




ગુજરાતે પારદર્શી નિમણૂકથી સાકાર કર્યુ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારે માનવ સંસાધન માટે ટેક્નોલોજીના ઉપયોગથી કાર્યરત કરેલા ૩૦૦૦થી વધુ કેડરની માહિતી સાથેના કેડર મેનેજમેન્ટ પોર્ટલ અને ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરની વિગતો આપી હતી. તેમણે કહ્યું કે આના પરિણામે ભવિષ્યના મેન પાવર રિક્રુટમેન્ટ માટેનું આયોજન સરળ બન્યું છે. રોજગાર ઈચ્છુક યુવાનોને પણ પરીક્ષાની આગોતરી માહિતી મળી રહે છે અને પુરી તૈયારી કરીને તેઓ સફળતા મેળવી શકે છે.

એપ્રિલ ૨૦૨૫ થી અત્યાર સુધીમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૦૧ જેટલી પરીક્ષાઓ યોજીને રેકોર્ડ બનાવ્યો છે. ઓનલાઇન, પારદર્શક અને ઝડપી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરનાર ગૌણ સેવા પસંદગી મંડળની સમગ્ર ટીમને નાયબ મુખ્યમંત્રી

હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા રાજ્યના લાખો યુવાનો માટે આ જ મહિનાના અંત સુધીમાં ગુજરાત પોલીસ દળમાં કુલ ૧૪,૫૦૭ નવી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા જાહેર કરવામાં આવશે. જેમાં ડ્જાંઈ અને લોકરક્ષક જેવી મુખ્ય કેડરની ૧૩,૫૯૧ જગ્યાઓ અને ટેકનિકલ કેડરની ૯૧૬ જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, હાલમાં ગુજરાત પોલીસ દળની ચાલી રહેલી ૧૨થી વધુ જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા પણ અંતિમ તબક્કામાં છે, જેમના નિમણૂક પત્રો પણ ટૂંક સમયમાં અપાશે. મુખ્ય સચિવ  એમ. કે. દાસે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, દરેક યુવાનોનું સરકારી નોકરી મેળવવાનું એક સ્વપન હોય છે અને આજનો દિવસ તે સ્વપનને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ અવસર છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગૌણ સેવા મંડળ દ્વારા આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક રીતે કરીને તમામ તબક્કામાં આધુનિક ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો છે.

રાજ્યભરમાંથી પસંદગી પામેલા ઉમેદવારોમાંથી સૌથી વધુ જુનિયર ક્લાર્ક વર્ગ-૩ માં ૨,૮૨૮ ઉપરાંત સબ રજિસ્ટ્રાર ગ્રેડ ૧-૨ ની મળીને કુલ ૯૨, સ્ટેમ્પ નિરીક્ષક વર્ગ-૩ની કુલ ૨૨, સિનિયર ક્લાર્ક વર્ગ-૩ની ૩૩૯, હેડ ક્લાર્ક વર્ગ-૩ની ૧૩૮, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૩ની કુલ ૨૦, સમાજ કલ્યાણ નિરીક્ષક વર્ગ-૩ની ૧૪૪ તેમજ ગૃહપતિ,ઓફિસ આસિસ્ટન્સ, ડેપો મેનેજર, આસિસ્ટન્ટ ડેપો મેનેજર, મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વર્ગ-૩,હિસાબનીશ વર્ગ-૩, પેટા હિસાબનીશ વર્ગ-૩ અને સર્વેયરની કુલ ૮,૮૨ આમ, કુલ-૪,૪૭૩ જગ્યાઓનો સમાવેશ થાય છે.

## સ્થાનિક પ્રશાસન દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ કહ્યું જે બોલ્યા એ કર્યું અને જમીન પર ઉતારી લોકો સુધી પહોંચાડ્યું : મુખ્યમંત્રી હસ્તે ૭૦૦ પીએમ આવાસના કરાયા ડ્રો

# ૫૪૫ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ

### ભુપેન્દ્રભાઈ પટેલે કહ્યું શહેરી વિકાસ વિભાગનું બજેટ ૪૦% વધારી ૩૦,૦૦૦ કરોડ કર્યું જેથી દરેક સુખ સુવિધાઓ આપી શકાય







રાજકોટ, તા. ૨૨
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટમાં ૫૨૨.૫૦ કરોડના ૪૯ કામોના ખાતમુહૂર્ત અને રૂ. ૨૨.૫૭ કરોડના ૬ કામોના લોકાર્પણ કરીને, નાગરિકોને રૂ. ૫૪૫ કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપી હતી. આ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નિર્મિત ૭૦૦થી વધુ આવાસો કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો કરવામાં આવ્યો હતો. રાજકોટમાં પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે આયોજિત કાર્યક્રમમાં સૌને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, અગાઉ માત્ર વિકાસની ચૂંટણી સમયે વાતો થતી, પરંતુ અત્યારે રોજેરોજ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત થઈ રહ્યા છે. ''જે બોલ્યા એ કર્યું, એને જમીન પર ઉતાર્યું અને લોકો સુધી પહોંચાડ્યું'' એવો વિશ્વાસ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોકોમાં કેળવ્યો છે. જેના ખાતમુહૂર્ત થાય છે એના લોકાર્પણ આ જ સરકાર કરે છે એવી કાર્યપદ્ધતિ નરેન્દ્રભાઈએ વિકસાવી છે.

રાજકોટમાં ભૂતકાળમાં પાણીના સંકટનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, અગાઉ અહીં ટ્રેનથી પાણી આવતું, પણ આજે રાજકોટમાં પાણીની વિતરણ વ્યવસ્થા અને સ્થિતિ રોજેરોજ સુધરતી જાય છે. આજે લોકાર્પિત-ખાતમુહૂર્ત થયેલા કામોમાં સૌથી વધુ કામો પાણીને લગતા હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈએ રાજકોટના કરેલા અભૂતપૂર્વ વિકાસની ઝાંખી અંગે રેસકોર્સ ખાતેની આર્ટ ગેલેરીમાં યોજાયેલા પ્રદર્શનને નિહાળવાની તેમણે સૌને અપીલ કરી હતી. આ સાથે તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૦૦ પહેલા રાજકોટ કેવું હતું, આજે કેવું છે અને ભવિષ્યમાં રાજકોટના વિકાસની દિશા કેવી હશે તે આ પ્રદર્શનમાં જોવા મળે છે.

શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અંતર્ગત રાજ્યના શહેરી વિકાસ વિભાગનું બજેટ ૪૦ ટકા વધારીને રૂ. ૩૦ હજાર કરોડ કરવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો. આજે પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની આવાસ યોજનાઓમાં બનતા સુવિધાજનક સરકારી મકાનો ખાનગી બાંધકામને ટક્કર મારે તેવા હોવાનું પણ તેમણે ઉમેર્યો હતું. આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરવા માટે સ્વદેશી અપનાવવાનો આગ્રહ પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો.

આ અવસરે મુખ્યમંત્રીએ શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ કોફીટેબલ બુકનું વિમોચન કર્યું તેમજ ચછ ઈફતયમ સીટીઝન ફીડબેક સિસ્ટમ લોન્ચ કરી હતી. રાજકોટના પ્રભારી અને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીના હસ્તે શુભારંભ થયેલા વિવિધ વિકાસ કામો દર્શાવે છે કે વિકાસની યોજનાઓ અને સુવિધાઓ હવે સંતૃપ્તિના સ્તરે (સેચ્યુરેશન લેવલ) પહોંચી ગઈ છે, જે રાજ્યના અભૂતપૂર્વ વિકાસની નિશાની છે.

જીતુભાઈ વાઘાણીએ કહ્યું રાજકોટને સૌરાષ્ટ્રની રાજધાની, મેન્યુફેક્ચરિંગ હબ, એન્જિનિયરિંગ હબ અને ખાસ કરીને મગફળીના કેન્દ્ર તરીકે ગણાવ્યું હતું. ખેડૂતલક્ષી નીતિઓ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, સરકારે ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજ તેમજ રૂ. ૧૫,૦૦૦ કરોડની ખરીદી જાહેર કરી હતી. ખાસ કરીને રાજકોટ જિલ્લામાં ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં ૨૩,૩૪૩ લાભાર્થીઓ પાસેથી ૫,૪૫૯ ટન મગફળીની ખરીદી થઈ ચૂકી છે અને ખેડૂતોના ખાતામાં ૫૦ ટકા જેટલાં રૂપિયા જમા કરવામાં આવ્યા છે. ડાંગર, બાજરી, જુવાર, મકાઈ, રાગી માટે પણ રૂ. ૧૫૦૦ પ્રતિ હેક્ટરની ખરીદીની શરૂઆત થવાની છે, જે ખેડૂતોના જીવનમાં નવો ઉદય લાવશે. તેમણે સૌરાષ્ટ્ર માટે નરેન્દ્રભાઈ મોદી દ્વારા જાહેર કરાયેલી સૌની યોજનાનું મહત્ત્વ જણાવતાં મેરી હતો કે આ યોજનાના કારણે સૌરાષ્ટ્રની સૂકી ધરા પર નર્મદાના પાણી પહોંચ્યા છે અને પાણીની સમસ્યાઓ દૂર થઈ છે.

# મતદાર સુધારણા માટે ખાસ ઝુંબેશ

### આજે બીએલઓ મતદારોને મૂંઝવતા પ્રશ્નોનું આપશે ત્વરિત નિવારણ : ફોર્મ પણ ભરી આપશે




રાજકોટ, તા. ૨૨
મતદાર સુધારણાની કામગીરી સમગ્ર રાજ્યમાં ચાલી રહી છે આ કામગીરીને નિયત સમયમાં પૂર્ણ કરવા માટે હાલ સરકાર તથા સ્થાનિક પ્રશાસન દ્વારા તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે પરંતુ આ કામગીરી ની સાથો સાથ વિરોધનો વંટોળ પણ ઉભો થયો છે કારણ કે આ કામગીરી કરતા જે કર્મચારીઓ છે તેઓને ઘણી ઘણી નુકસાની અને હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે તેમાં પણ શૈક્ષણિક ક્ષેત્રે જોડાયેલા શિક્ષકો ઉપર જાણે માઠી બેઠી હોય તેવું જાણવા મળ્યું છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ વિવિધ સંગઠનો દ્વારા આ કામગીરી માટે સરકારને રજૂઆત પણ કરવામાં આવી રહી છે ત્યારે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત રાજકોટ ની ૪૮% કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે અને જિલ્લાના તમામ ૨૨૫૬ મતદાન બુધ ઉપર ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે જેમાં મતદારોને મૂંઝવતા પ્રશ્નોનું ત્વરિત નિવારણ થઈ શકે ત્યારે આજે આ ઝુંબેશનો છેલ્લો દિવસ છે. ખાસ ઝુંબેશના પગલે ૨૨૫૬ બુથ ઉપર બુથ લેવલ અધિકારીઓ મતદારોને મૂંઝવતા તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવશે.

રાજકોટ જિલ્લામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ (એસ.આઈ.આર)ની કામગીરી ૪૮ ટકા પૂર્ણ થવા પામી છે. જેમાં આજે જિલ્લાના તમામ ૨૨૫૬ મતદાન બુથો પર ખાસ ઝુબેશ ચલાવવામાં આવી હતી.જેમાં તમામ ૨૨૫૬ મતદાન બુથો પર બેસી બી.એલ.ઓ.એ.બેસી મતદારોના પ્રશ્નોનું સમાધાન કર્યું હતું. આવતી કાલે પણ જિલ્લાના તમામ બુથો પર મતદારયાદી સુધારણા કાર્યક્રમની અંતીમ તબકકાની ખાસ ઝુંબેશ ચલાવાશે.

હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ સવારે ૯:૦૦ વાગ્યાથી બપોરે ૧:૦૦ વાગ્યા દરમિયાન મતદારોને મતદાર સુધારણા ની કામગીરી અંગે કોઈ પણ પ્રશ્ન હોય તેનું સમાધાન કરવા માટે નિર્ધારિત થયેલ જગ્યા પર મળશે અને ત્યાં તેનું સમાધાન પણ કરશે. સાથો સાથ મતદારોને મતદાર ફોર્મ પણ ભરી આપશે કે જેઓએ હજી સુધી ફોર્મ ભર્યું ન હોય. અત્યારે સૌથી વિકટ પરિસ્થિતિ હોય તો તે એ છે કે વર્ષ ૨૦૦૨ ની જે મતદાન યાદીમાંથી મતદારોના નામ શોધવા તે અત્યારના જટિલ પ્રક્રિયા બની ગઈ છે ત્યારે તેને પૂર્ણ કરવા માટે બી.એલ.ઓ દ્વારા કામગીરી પણ કરાશે. અહીંએ ઉલ્લેખનીય છે કે આ મતદારયાદી સુધારણા કાર્યક્રમ કામગીરીમાં બી.એલ.ઓ.ની સાથે મતદારો પણ ભારે હેરાન પરેશાન થઈ રહ્યા છે. અનેક મતદારોના નામ ૨૦૦૨ની મતદારયાદીમાં મળતા ન હોય પ્રશ્નો ઉભા થયા છે. હાલ અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે તેનું સમાધાન લાવવા માટે ખાસ વ્યવસ્થા સ્થાનિક પ્રશાસન દ્વારા કરવામાં આવી છે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર જે નિર્ધારિત કરવામાં આવેલો સમય છે તે સમયગાળા દરમિયાન કામગીરી પૂર્ણ કરવી થોડા અંશે અશક્ય છે સામે આ કામગીરીમાં જો ક્ષતિ રહી જશે તો આગામી ૨૫ વર્ષ સુધી એ જ ક્ષતિ જોવા મળશે હા મતદાર સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ વર્ષમાં બે વખત કરવામાં આવે છે પરંતુ હાલના તબક્કે જે પ્રશ્નો ઊભા થશે તેનું નિવારણ ત્વરિત કરવામાં આવે તે ખૂબ જરૂરી છે.

ચૂંટણી પંચ દ્વારા મતદાર સુધારણા ની કામગીરી દેશના ૧૨ રાજ્યોમાં શરૂ કરી છે જેમાંથી ગુજરાત પણ તે રાજ્યનો ભાગ છે તો બીજી તરફ ઘણા ખરા રાજ્યોમાં આ કામગીરીનો ખાસ્સો એવો વિરોધ પણ થઈ રહ્યો છે અને બુથ લેવલ અધિકારીઓ આત્મહત્યા કરી રહ્યા છે જે સૌથી મોટો ચિંતાનો વિષય છે.

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના વિવિધ કાર્યક્રમોમાં રહ્યા હાજર : દુનિયાની ટોપ ૫૦૦ કંપનીઓ માંથી ૧૦૦ ગુજરાતની જે ગૌરવની ક્ષણ

# આત્મનિર્ભરતા માટે 'વોકલ ફોર લોકલ'–'લોકલ ફોર ગ્લોબલ' જરૂરી





રાજકોટ, તા. ૨૨
ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ત્રિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના નવા ભવનના ભૂમિપૂજન બદલ ચેમ્બરને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળના વિકાસની વાત પર ભાર મૂક્યો હતો, જેના કારણે દરેક રાજ્યનો ભરોસો અને વિશ્વાસ કેન્દ્ર સરકાર પર વધ્યો છે. વડાપ્રધાનનું નેતૃત્વ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અને 'વિકસિત ભારત'ના સંકલ્પને પૂર્ણ કરાવવા સક્ષમ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન ''વસુધૈવ કુટુંબકમ''ની ભાવનામાં માને છે અને તેમનો કાર્યમંત્ર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ' રહ્યો છે. વડાપ્રધાનએ મુખ્યમંત્રી તરીકે જ્યારે ગુજરાતના વિકાસની શરૂઆત કરી, ત્યારે માત્ર એક શહેર કે એક ઝોન નહીં, પરંતુ આખા ગુજરાત માટે વિચાર કર્યો હતો. તેમણે સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં વીજળી,રોડ, પાણી અને રસ્તા જેવી પાયાની સુવિધાઓ સુધારવાની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ, ૨૦૦૩ માં, વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી, જેથી ગુજરાતને ઔદ્યોગિક ક્ષેત્રે ગ્લોબલ પ્લેટફોર્મ મળી શકે. આજે ગુજરાત તેના ફળ મેળવી રહ્યું છે. દુનિયાની ટોપ ૫૦૦ ઈન્ડસ્ટ્રીયલ કંપનીઓમાંથી ૧૦૦ થી વધારે ગુજરાતમાં સ્થિત છે.

નાના ઉદ્યોગોના મહત્વ પર ભાર મૂકતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પહેલા ૬૬,૦૦૦ નાના ઉદ્યોગો નોંધાયેલા હતા, પરંતુ આજે ૨૭ લાખ જેટલા ખજખઊ રજિસ્ટર થયા છે. વિકસિત ગુજરાતના સંકલ્પને છેવાડાના માણસ સુધી પહોંચાડવા માટે વડાપ્રધાનના દિશાદર્શનમાં રાજ્યમાં ચાર ઝોનમાં ચાર રીજીયોનલ વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાંથી એક ઉત્તર ગુજરાતમાં સંપન્ન થઈ ગઈ છે, અને બીજી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટનું આયોજન રાજકોટમાં આગામી જાન્યુઆરી, ૨૦૨૬માં થવાનું છે.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનનો સ્પષ્ટ નિર્ધાર છે કે ભારત એવું રાષ્ટ્ર બને, જ્યાં ટેકનોલોજી, ઈનોવેશન, સ્ટાર્ટઅપ, રિસર્ચ અને પ્રોડક્શન દરેક ક્ષેત્રે સ્વદેશીને પ્રાધાન્ય આપવામાં આવે. આત્મનિર્ભર ભારતનો સંકલ્પ સિદ્ધ કરવા માટેનું મૂળ સ્વદેશી છે. આત્મનિર્ભર ભારત માટે 'વોકલ ફોર લોકલ' અને 'લોકલ ફોર ગ્લોબલ' અપનાવવા તેમણે સૌને અનુરોધ કર્યો હતો. તેમણે અપેક્ષા વ્યક્ત કરતા કહ્યું કે, ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ રોજિંદા જીવનમાં સ્વદેશી અપનાવીને ભારતને આત્મનિર્ભર બનાવવા તરફના ઉદ્દેશમાં અગ્રેસર રહેશે.

ત્રિવિધ કાર્યક્રમોમાં મુખ્યમંત્રીના હસ્તે સૌપ્રથમ ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સના ભવનનું શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ભૂમિપૂજન કરી તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ ભવનના નિર્માણથી રાજકોટના વેપાર-ઉદ્યોગ જગતને એક સંગઠિત કેન્દ્ર મળશે અને વિકાસની નવી દિશા ખૂલશે.ત્યારબાદ, ગ્રેટર ચેમ્બરના ચેરમેન ધનસુખભાઈ વોરાની સેવાનું સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૫૦ વર્ષથી વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે તેમની નિઃસ્વાર્થ સેવા અને પ્રદાન બદલ મહાનુભાવોની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, સંસદસભ્ય રામભાઈ મોકરીયા, ધારાસભ્યો સર્વે ભાનુબેન બાબરીયા, દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા અને ઉદયભાઈ કાનગડ, અગ્રણી માધવભાઈ દવે, ભરતભાઈ બોઘરા, રાજુભાઇ ધ્રુવ સહિતના મહાનુભાવો તેમજ જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશ, મહાનગરપાલિકા કમિશ્નર તુષાર સુમેરા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, નગરપાલિકાના પ્રાદેશિક નિયામક મહેશ જાની, નિવાસી અધિક કલેકટર એ. કે. ગૌતમ સહિતના ઉચ્ચ અધિકારીઓ, જુદા જુદા ઔદ્યોગીક સંગઠનોના હોદ્દેદારઓ તેમજ વ્યાપાર જગતના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આમ્રપાલી અંડરબ્રિજની દયનીય સ્થિતિ : પોસ્ટર યુદ્ધ

### મુખ્યમંત્રીના આગમન પૂર્વે જ બ્રિજની દીવાલો પર લગાવાયા અનેકવિધ પોસ્ટરો




રાજકોટ, તા. ૨૨
આમ્રપાલી અન્ડર બ્રીજ જે સમયથી બનાવવામાં આવ્યો ત્યારથી આ બ્રિજમાં પાણી ભરાવવાનો પ્રશ્ન સતત સામે આવતો હતો આ અંગે સ્થાનિક પ્રશાસનને પણ એક નહીં અનેક વખત રજૂઆત કરવામાં આવી હતી પરંતુ તંત્ર દ્વારા કોઇ ગંભીરતા દાખવવામાં આવી ન હતી અને આજે પણ આ પરિસ્થિતિ યથાવત જોવા મળી રહી છે. ગઈકાલે મુખ્યમંત્રી રાજકોટ ખાતે આવી પહોંચ્યા હતા ત્યારે આમ્રપાલી બ્રિજની દીવાલો ઉપર અનેકવિધ સ્ટીકરો ચોટાડવામાં આવ્યા હતા અને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. એ વાત સાચી છે કે એકાતરે બે દિવસે અહીં પસાર થતા વાહન ચાલકો અકસ્માતનો ભોગ બનતા હોય છે ત્યારે ભવિષ્યમાં કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે તંત્રએ આ અંગે યોગ્ય ઉકેલ લાવવો ખૂબ જરૂરી અને આવશ્યક છે. પાણી ભરાતા હોવાના કારણે સેવાડ થાય છે અને સાથે સાથે રસ્તા પણ ચીકાશ વાળા બની ગયા છે જેથી સહેજ પણ વાહન ચાલકો દ્વારા ગફલત ખાવામાં આવે તો તેમનું વાહન સ્લીપ થાય અને તેઓ પછડાય છે સમયાંતરે આ પ્રકારની ઘટના ઘટતી રહે છે અને તંત્ર પણ આ બાબતે અવગત થયેલું છે છતાં પણ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવતી નથી.

રાજકોટમાં આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના આગમન સમયે તેમના રૂટમાં આવતા આમ્રપાલી અંડરબ્રીજની દિવાલો પર પોસ્ટર લાગતા શહેરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. શહેરના આમ્રપાલી અંડરબ્રીજના નિર્માણ બાદ ચોમાસાની ઋતુમાં પાણી ભરાતુ હોય તે સ્વભાવિક ગણાવી શકાય. ગત કમૌસમી માવઠા બાદ હાલના દિવસોમાં અંડરબ્રીજ દિવાલોમાંથી પાણી નિતરતા બ્રિજમાં પાણી સાથે કીચડ જમા થતા અનેક વાહનો સ્લીપ થતા ચાલકોને ઈજા થવાના બનાવો બને છે. છતાં તંત્ર દ્વારા પાણી કે ગંદકીનો નિકાલ થતો નથી .

આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આ અંડરબ્રીજમાંથી પસાર થવાના હોય તેવા સમયે બ્રીજની દિવાલોમાં 'સિસ્ટમ નિંદ્રામાં સુરક્ષા તમારા હાથમાં' 'તંત્ર સુતુ હોય તો શું.. માર્ગ સુરક્ષા આપણે જાતે' આવા પ્રકારના લખાણવાળા પોસ્ટર ચીપકાવાતા શહેરમાં ઠેર ઠેર સ્થળોએ ચર્ચાનો વિષય બન્યો હતો. આમ્રપાલી અંડરબ્રીજમાં હાલ ભર શિયાળે પાણી ભરાતા બ્રિજમાંથી પસાર થવામાં અકસ્માતનો ભય રહેતો હોય આજે મુખ્યમંત્રીના આગમન સમયે પોસ્ટર ચીપકાવી તંત્રને ઢંઢોળવાનો પ્રયાસ થયો હતો.

## શુભ લગ્ન

### રાજકોટ નિવાસી સંજયભાઈ ખખ્ખરના સુપુત્ર ચિ. પૂજનના ૨૬મીએ શુભ લગ્ન

**ચિ.પૂજન + ચિ. શૈલી**

**રાજકોટ :** રાજકોટ નિવાસી રીટાબેન અને સંજયભાઈ ખખ્ખરના સુપુત્ર ચિ.પૂજનના શુભ લગ્ન તા. ૨૬.૧૧.૦૫ના રોજ વંદનાબેન અને દેવેનભાઈ દેસાઈના સુપુત્ર સાથે નિરધાર્યા છે. શુભલગ્ન પ્રસંગે યોજેલા પ્રસંગોમાં સાંજે ૪-૦૦ વાગ્યે જાન પ્રસ્થાન થશે અને ૭-૪૫ વાગ્યે હસ્તમેળાપ ગોઠવાયો છે. રાજકોટની કેસર ધાણી ખાતે ભોજન સમારંભનું આયોજન કરાયું છે. નવ દંપતીને આશીર્વાદ આપવા સગા-સ્નેહીઓને સમયસર હાજર રહેવા ખખ્ખર પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# કામ કપરું કે સિસ્ટમ?

## બીએલઓના મોત વિવિધ દ્રષ્ટિકોણથી મુદ્દો ચકાસવો જરૂરી




ભારતભરમાં મતદાર યાદી સુધારણાનું મહાઅભિયાન ચાલી રહ્યું છે. સવા અબજથી વધારે વસ્તી ધરાવતા દેશમાં દરેક ઘર સુધી પહોંચીને યાદીમાં સુધારા કરવા એ અસામાન્ય મિશન ગણાય. આ કાર્યથી ચૂંટણી પ્રક્રિયા શુદ્ધ થશે, આ પ્રક્રિયા સામે રાજકીય લાભાલાભના દ્રષ્ટિકોણથી વિરોધ-તરફેણ-વિવાદ થાય છે.

જો કે, ગુજરાતમાં જુદો વિવાદ ઉભર્યો છે. સૌરાષ્ટ્રમાં એક બીએલઓએ આત્મહત્યા કરી નાખી. આ ઉપરાંત ગુજરાતમાં અમુક બીએલઓના મોત થયા છે. આ મુદ્દો મોટો બનીને ઉભરી રહ્યો છે. ઘણાં સંગઠનો કામગીરીનો વિરોધ પણ કરવા લાગ્યા છે. સવાલ એ થાય છે કે, બીએલઓની કામગીરી ખરેખર અઘરી છે કે, સિસ્ટમ-તંત્ર અઘરું પડે છે?

આ મુદ્દાને વિવિધ દ્રષ્ટિકોણથી ચકાસવો જોઇએ. બીએલઓ એટલે બુથ લેવલ ઓફિસર. ગુજરાતમાં તેને મતદાન મથક કક્ષના અધિકારી કહેવાય. આ પ્રકારનું પદ કાયમનું નથી. યાદી સુધારણા કાર્ય પુરું થશે ત્યારે બીએલઓ પદ જ બાષ્પિભવન થઇ શકે છે.

બીએલઓમાં મોટાભાગે શિક્ષકો અને સરકારી સ્ટાફ ગોઠવાયેલો છે. બીએલઓ માટે આ કાર્ય નવું કે નવું કાર્ય કોઇ માટે થોડું કઠીન હોય, પણ ગુજરી જવાય તેટલું કઠીન નથી.

સિસ્ટમ એટલે કે, તંત્રનું દબાણ-ટાર્ગેટ વધારે કઠીન હશે. વિવિધ સ્વભાવના વ્યક્તિ કે પરિવારો પાસે ફોર્મ ભરાવવાનું કાર્ય પડકાર તો છે જ, પણ જીવ પર આવી જવાય તેવો આ જંગ નથી જ. તંત્રની માનસિક દબાણ પદ્ધતિ હોય તો તેમાં ફેરફાર જરૂરી છે.

મહત્વનો દ્રષ્ટિકોણ એ પણ છે કે, સરકારી નોકરી મોટાભાગે એશોઆરામ જેવી હોય છે. શિક્ષક સ્તરના લોકો સરેરાશ એક માઇન્ડ સેટમાં ફીટ થઇ ગયા હોય છે. આ ફિક્સેશન તૂટે એ સૌથી વધારે પ્રતિકુળ લાગતું હશે. આ ઉપરાંત સરકારી નોકરીના કારણે સરળ બની ગયેલું જીવન અન્ય અસરો પણ કરતું હોય છે. પડકારના-સંઘર્ષના અભાવે શરીર અને મન નબળા બની શકે છે.

આવા અનેક કારણો બીએલઓના મોત માટે જવાબદાર હોઇ શકે છે. રિયલ કારણો અંગે તપાસ અનિવાર્ય છે. કારણો ગમે તે હોય, બીએલઓના મોત ગંભીર બાબત છે. તેમને અનુકુળતા કરી આપવી જોઇએ.

દરેક મુદ્દાને રાજકીય લાભ કે ગેરલાભના દ્રષ્ટિકોણથી જોવાને બદલે મુદ્દાને વાસ્તવિક દ્રષ્ટિએ જોવા પડશે. બીએલઓ મુદ્દે શાસક-વિપક્ષનો દ્રષ્ટિકોણ ફાયદા-નુકસાનનો જ હોય છે. સમસ્યાનો ઉકેલ આવવો જોઇએ.

# બુલડોઝર ન્યાય કાયદાની વિરુદ્ધ : ગવઈ

## દેશના મુખ્ય ન્યાયાધીશ નિવૃત્ત થતા તેઓએ આપેલા ચુકાદાઓ અંગે વ્યક્ત કર્યો ભાવ અને કહ્યું કોઈ વ્યક્તિનું ઘર ફક્ત એટલા માટે કેવી રીતે તોડી શકાય કે તેના પર ગુનાનો આરોપ છે અથવા તો દોષિત છે?

રાજકોટ, તા. ૨૨

ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ સુપ્રીમ કોર્ટમાંથી નિવૃત્ત થયા છે. આ સાથે વકીલથી દેશના ટોચના ન્યાયાધીશ સુધીની તેમની લાંબી સફરનો અંત આવ્યો. તેમના સાથીદારોએ તેમને ભાવનાત્મક વિદાય આપી, તેમની પ્રામાણિકતા, સરળતા અને આંબેડકર-પ્રેરિત ન્યાયિક ફિલસૂફીને યાદ કરીને, જેણે સીમાચિહ્નરૂપ નિર્ણયોને આકાર આપ્યો અને સંસ્થાકીય કામગીરીને મજબૂત બનાવી. તેમના છેલ્લા કાર્યકારી દિવસે, તેમણે કહ્યું કે બુલડોઝર ન્યાયાધીશો વિરુદ્ધનો ચુકાદો તેમનો સૌથી મહત્વપૂર્ણ હતો, જ્યારે રાજ્યોને નોકરીમાં અનામત માટે જઈ અને જઝ ને પેટા વર્ગીકરણ કરવાની મંજૂરી આપતો ચુકાદો બીજા ક્રમે આવ્યો. સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના વિદાય સમારંભમાં, CJI ગવઈએ જાહેરમાં આ ચુકાદાઓનો ઉલ્લેખ કર્યો. આ પરંપરાનો ભંગ હતો, કારણ કે તે પહેલી વાર હતું જ્યારે કોઈ CJIએ વિદાય સમારંભમાં તેમના ચુકાદાઓનો ઉલ્લેખ કર્યો હતો. CJI ગવઈએ કહ્યું કે જો તેમને સૌથી મહત્વપૂર્ણ ચુકાદો



પસંદ કરવાનું કહેવામાં આવે જે તેમણે લખ્યો હતો, તો તે નિઃશંકપણે બુલડોઝર ન્યાયાધીશો વિરુદ્ધનો ચુકાદો હશે.

તેમણે કહ્યું કે બુલડોઝર ન્યાય કાયદાની વિરુદ્ધ છે. કોઈ વ્યક્તિનું ઘર ફક્ત એટલા માટે કેવી રીતે તોડી શકાય કારણ કે તેના પર ગુનાનો આરોપ છે અથવા તે તેના દોષિત છે? તેમના પરિવાર અને માતા-પિતાનો શું વાંક છે? રહેવા માટે જગ્યાનો અધિકાર એ મૂળભૂત અધિકાર છે. CJI ગવઈએ એમ પણ કહ્યું કે તેઓ તેમના નિર્ણયથી સંતુષ્ટ છે, કારણ કે તેમણે બુલડોઝર ન્યાય વિરુદ્ધ ચુકાદો આપ્યો હતો. આ પહેલી વાર નહોતું; તેમણે અગાઉ મોરેશિયસમાં બુલડોઝર ન્યાય અંગે ટિપ્પણી કરી હતી. મુખ્ય ન્યાયાધીશ ગવઈએ બુલડોઝર કાર્યવાહી અંગેના પોતાના ૨૦૨૪ના નિર્ણયનો ઉલ્લેખ કર્યો, જેને બુલડોઝર કેસ તરીકે ઓળખવામાં આવે છે. આ નિર્ણય વિશે બોલતા, મુખ્ય ન્યાયાધીશે કહ્યું, ''આ નિર્ણય સ્પષ્ટ સંદેશ આપે છે કે ભારતીય ન્યાયિક વ્યવસ્થા કાયદાના શાસન દ્વારા સંચાલિત થાય છે, બુલડોઝરના શાસન દ્વારા નહીં.'' મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ સુપ્રીમ કોર્ટમાંથી નિવૃત્ત થયા છે. તેમના વિદાય ભાષણમાં, તેમણે 'બુલડોઝર ન્યાય' વિરુદ્ધના તેમના નિર્ણયને સૌથી મહત્વપૂર્ણ ગણાવ્યો, તેને કાયદા અને મૂળભૂત અધિકારોની વિરુદ્ધ ગણાવ્યો.

### દિલ્હી ક્રાઈમ બ્રાન્ચને સફળતા : તુર્કી અને ચીનમાં બનેલી હાઇ-એન્ડ પિસ્તોલ પાકિસ્તાન થઈને ભારતમાં સપ્લાય થતી

# ISI સાથે જોડાયેલા આંતરરાષ્ટ્રીય હથિયારોની દાણચોરીનો પર્દાફાશ



નવીદિલ્હી, તા. ૨૨

દિલ્હી ક્રાઈમ બ્રાન્ચે પાકિસ્તાની ઈજીઈ સાથે જોડાયેલા એક મોટા આંતરરાષ્ટ્રીય હથિયારોની દાણચોરીના ટોળકીનો પર્દાફાશ કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ગેંગ તુર્કી અને ચીનમાં બનેલી હાઇ-એન્ડ પિસ્તોલ પાકિસ્તાન થઈને ભારતમાં સપ્લાય કરતી હતી. પોલીસે આ કેસમાં ગેંગના ચાર મુખ્ય સભ્યોની ધરપકડ કરી છે. તેમની પાસેથી ૧૦ મોંઘી વિદેશી પિસ્તોલ અને ૯૨ જીવંત કારતૂસ જપ્ત કર્યા છે. આ હથિયારો દિલ્હી અને આસપાસના રાજ્યોમાં ગુનેગારો અને ગુંડાઓને સપ્લાય કરવામાં આવી રહ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા અનુસાર, આ આખું નેટવર્ક પાકિસ્તાની ISI સાથે જોડાયેલા વ્યક્તિઓના ઈશારે કાર્યરત હતું. આ હથિયારો પહેલા પાકિસ્તાન લઈ જવામાં આવતા હતા અને પછી ભારતમાં દાણચોરી કરવામાં આવતા હતા.

પોલીસ હવે તપાસ કરી રહી છે કે આ વ્યક્તિઓએ અત્યાર સુધીમાં ભારતમાં કેટલા હથિયારો વેચ્યા છે અને કઈ ગેંગ અથવા વ્યક્તિઓએ તે મેળવ્યા છે. તપાસ એજન્સીઓ ગેંગના બાકીના સભ્યો અને મોબાઈલ ફોન, બેંક વિગતો અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને તેમની લિંક્સની પણ તપાસ કરી રહી છે. સ્પેશિયલ સીપી દેવેશ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે જપ્ત કરાયેલા માલમાં ૧૦ હાઇ-એન્ડ, વિદેશી બનાવટની સેમી-ઓટોમેટિક પિસ્તોલ અને ૯૨ જીવંત કારતૂસનો સમાવેશ થાય છે.

જપ્ત કરાયેલા શસ્ત્રોમાં ખાસ ચિંતાનો વિષય તુર્કીમાં બનેલી PX-5.7 પિસ્તોલ હતી, જે સામાન્ય રીતે ખાસ દળો દ્વારા ઉપયોગમાં લેવાતું ઉચ્ચ કક્ષાનું હથિયાર છે. આ દાણચોરી કરાયેલા શસ્ત્રોની ગંભીરતા અને તેમના ઉપયોગની તાકીદ દર્શાવે છે. આ મોડ્યુલ ચીની બનાવટની ડ્ડ-૩ પિસ્તોલની દાણચોરી પણ કરતો મળી આવ્યો હતો, જે ISI-જોડાયેલા નેટવર્ક દ્વારા મોકલવામાં આવતા શસ્ત્રોના વિવિધ આંતરરાષ્ટ્રીય સ્ત્રોતોનો ખુલાસો કરે છે. સંયુક્ત CP સુરેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે આ ધરપકડો અને જપ્તીઓ નેટવર્કની કામગીરીની સંપૂર્ણ હદ અને તેના આગળ અને પાછળના જોડાણો જાહેર કરી શકે છે. આનાથી તે વ્યક્તિઓ અથવા જૂથોને મહત્વપૂર્ણ સંકેતો મળવાની અપેક્ષા છે જેમણે આખરે આ ખતરનાક શસ્ત્રો મેળવ્યા હતા. આ સફળ કામગીરી પ્રદેશને અસ્થિર કરવાના હેતુથી અદ્યતન શસ્ત્રોની સરહદ પારની દાણચોરી માટે એક મોટો ફટકો છે. દિલ્હી ક્રાઇમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. ક્રાઇમ બ્રાન્ચની ટીમે આંતરરાષ્ટ્રીય શસ્ત્ર દાણચોરી કરતી ગેંગના ચાર સભ્યોની ધરપકડ કરી છે. તપાસ એજન્સીઓ બાકીના ગેંગ સભ્યો અને મોબાઇલ ફોન, બેંક વિગતો અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને તેમની લિંક્સની પણ તપાસ કરી રહી છે.

# સંયુક્ત રાષ્ટ્રની વર્તમાન કામગીરી સુસંગત નથી

## સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સ્પષ્ટતા કરી કહ્યું વિશ્વને નવી સંસ્થાની જરૂર નથી પરંતુ વર્તમાન સમયને અનુરુપ હાલના નિયમોને બદલવા જરૂરી છે

નવીદિલ્હી, તા. ૨૨

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર (યુએન) ની વર્તમાન રચના અને કામગીરી આજની વૈશ્વિક વાસ્તવિકતા સાથે સુસંગત નથી. લખનૌમાં સિટી મોન્ટેસરી સ્કૂલ (સીએમએસ) ખાતે ૨૬મી આંતરરાષ્ટ્રીય મુખ્ય ન્યાયાધીશોની પરિષદને સંબોધતા, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિશ્વને નવી સંસ્થાની જરૂર નથી, પરંતુ વર્તમાન સમયને અનુરૂપ હાલના યુએનને ફરીથી બનાવવાની જરૂર છે. રાજનાથ સિંહે સ્પષ્ટપણે કહ્યું કે વિશ્વના ઘણા ભાગો યુદ્ધ અને સંઘર્ષની જ્વાળાઓમાં ડૂબી ગયા છે, જેમાં ઇઝરાયલ-હમાસ અને રશિયા-યુક્રેન સંઘર્ષ જેવા સંકટ આવી રહ્યા છે. આવા સંદર્ભમાં, યુએનની ભૂમિકા ઘણી મજબૂત અને વધુ અસરકારક હોવી જોઈએ, પરંતુ તે થઈ રહ્યું નથી. કારણ સ્પષ્ટ છેઃ કેટલાક દેશો ખુલ્લેઆમ આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યા છે અને વિશ્વ પર પોતાના સ્થાનિક કાયદા લાદવાનો પ્રયાસ કરી રહ્યા છે.



તેમણે યુએન માળખા પર સીધો હુમલો કરતા કહ્યું કે યુએન હજુ પણ બીજા વિશ્વયુદ્ધ પછીની માનસિકતા અને પસંદગીના કેટલાક દેશોના વર્ચસ્વ હેઠળ કાર્ય કરે છે. ત્યારથી દુનિયામાં નોંધપાત્ર ફેરફાર થયો છે. નવા દેશો ઉભરી આવ્યા છે, અને નવી શક્તિઓ ઉભરી આવી છે. જ્યારે પરિસ્થિતિઓ બદલાય છે, ત્યારે સંસ્થાઓમાં પરિવર્તન જરૂરી બને છે. આજે, યુએન સુરક્ષા પરિષદમાં સત્તાની વહેંચણી અને ન્યાયનો અભાવ સ્પષ્ટપણે દેખાય છે. આ ફક્ત થોડા દેશો સુધી મર્યાદિત ન રહેવું જોઈએ. સંરક્ષણ પ્રધાને ભારતીય ફિલસૂફીની રૂપરેખા આપતા કહ્યું, ''ભારત સદીઓથી માને છે કે શાંતિ અને ન્યાય અવિભાજ્ય છે. જ્યાં આદર છે, ત્યાં શાંતિ છે; જ્યાં આદર છે, ત્યાં વિશ્વાસ છે. જ્યારે પણ વિશ્વમાં કોઈ કટોકટી આવે છે, પછી ભલે તે નેપાળ ભૂકંપ હોય, શ્રીલંકા કટોકટી હોય, અફઘાનિસ્તાનમાંથી લોકોને સ્થળાંતર કરવામાં આવે, કે આફ્રિકામાં સહાયની જોગવાઈ હોય, ત્યારે ભારતે સૌપ્રથમ પ્રતિક્રિયા આપી છે. આપણી સેનાએ લગભગ 300,000 સૈનિકોને શાંતિ રક્ષા મિશન પર મોકલ્યા છે, અને ડઝનેક લોકોએ પોતાના જીવનું બલિદાન આપ્યું છે. આ રાજદ્વારી નથી; તે આપણી સંસ્કૃતિ અને પરંપરાનો ભાગ છે.

યુએનની વર્તમાન નબળાઈઓ પર કટાક્ષ કરતા સંરક્ષણ પ્રધાને કહ્યું, ''વૈશ્વિક સંસ્થાઓને મજબૂત બનાવવા માટે જવાબદાર દેશો ઘણીવાર પ્રક્રિયાઓને અટકાવે છે અને પોતાના ફાયદા માટે ભંડોળ મર્યાદિત કરે છે. તે ઝાડની દરેક ડાળી અને પાંદડું કાપી નાખવા જેવું છે અને પછી તે ફળ આપે તેવી અપેક્ષા રાખે છે. તે અશક્ય છે.'' આ કાર્યક્રમમાં, સંરક્ષણ પ્રધાને ભાવનાત્મક રીતે સીએમએસના સ્થાપક સ્વર્ગસ્થ જગદીશ ગાંધીને યાદ કર્યા. તેમણે કહ્યું, ''લખનૌમાં ઈખજ જેવી સંસ્થાઓ ફક્ત બાળકો જ નહીં, પરંતુ ભાવિ પેઢીઓને પણ આકાર આપી રહી છે. શિક્ષણની સાથે, તેઓ મૂલ્યો અને વિશ્વ શાંતિના બીજ વાવી રહ્યા છે. જગદીશજી સાથે મારો લાંબો અને ઊંડો સંબંધ રહ્યો છે. હું તેમની સ્મૃતિને શ્રદ્ધાંજલિ આપું છું.'' વિશ્વભરના મુખ્ય ન્યાયાધીશો અને કાયદાના દિગ્ગજો આ પરિષદમાં હાજર હતા. રાજનાથ સિંહે તેમને યુએન સુધારાના મુદ્દા પર ગંભીરતાથી વિચાર કરવા અને નક્કર સૂચનો આપવા વિનંતી કરી. ભારત ફરી એકવાર વૈશ્વિક મંચ પર પોતાનો સ્પષ્ટ અને સિદ્ધાંતવાદી અવાજ ઉઠાવી રહ્યું છે. વસુધૈવ કુટુંબકમ માત્ર એક સૂત્ર નથી; તે આપણી જીવનની ફિલસૂફી છે, અને અમે ઇચ્છીએ છીએ કે ભાવિ વૈશ્વિક વ્યવસ્થા આ ભાવના પર આધારિત હોય.




પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# અલ-ફલાહ યુનિવર્સિટી અંગે ચોંકાવનારા ખુલાસા

## ૧૨ થી વધુ સ્ટાફ સભ્યોના નિવેદનોમાં વિરોધાભાસ : વિસ્ફોટોના દિવસે ઘણા ડોકટરો ગાયબ થઈ ગયા હતા, લેબોરેટરી માંથી કેમિકલ પણ ગુમ

નવીદિલ્હી, તા. ૨૨

દિલ્હી વિસ્ફોટો પછી તપાસ હેઠળ આવેલી ફરીદાબાદની અલ-ફલાહ યુનિવર્સિટી અંગે ચોંકાવનારા ખુલાસા થયા છે. ૧૨ થી વધુ સ્ટાફ સભ્યોના નિવેદનોમાં વિરોધાભાસ સામે આવ્યો છે. એવું પણ જાણવા મળ્યું છે કે વિસ્ફોટોના દિવસે ઘણા ડોકટરો ગાયબ થઈ ગયા હતા, અને ૧૦ નવેમ્બરની રાત્રે ઘણા ફેકલ્ટી સભ્યો ભૂગર્ભમાં ગયા હતા. ઘણા લોકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ અચાનક નિષ્ક્રિય થઈ ગયા હતા, જેમાં મોટાભાગના શંકાસ્પદોના ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને ભૂતપૂર્વ પ્રોફાઇલ ગાયબ થઈ ગયા હતા, અને તેમના મોબાઇલ ફોન પણ બંધ થઈ ગયા હતા. આ આતંકવાદી કાવતરામાં ઘણા વ્યક્તિઓની ભૂમિકા અંગે શંકા વધી રહી છે. વિસ્ફોટોના દિવસે ઘણા ડોકટરો ગાયબ થઈ ગયા હતા, અને ૧૦ નવેમ્બરની રાતથી ઘણા ફેકલ્ટી સભ્યો ભૂગર્ભમાં છે. તેઓએ અચાનક વર્ગો અને ફરજો છોડી દીધી હતી. ભૂગર્ભ વિસ્ફોટો પછી ઘણા ડોકટરો અને સ્ટાફ સભ્યો શંકાસ્પદ સંજોગોમાં યુનિવર્સિટી છોડી ગયા હતા. ૨ લાખ રૂપિયાથી વધુ રકમ ધરાવતા ઘણા બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા છે. ફંડ ટ્રેલ્સ, કોલ લોગ અને ચેટ હિસ્ટ્રીની તપાસ વધુ તીવ્ર બનાવવામાં આવી છે.

એવો પણ અહેવાલ છે કે આતંકવાદી ડો. મુઝમ્મિલ, ડો. ઉમર અને ડો. શાઇન મેડિકલ સ્ટડીઝ અને વિદ્યાર્થીઓ માટે પ્રોજેક્ટ્સ બનાવવાની આડમાં લેબમાંથી રસાયણો ચોરી કરતા હતા. યુનિવર્સિટી લેબમાં થયેલી તપાસમાં એક મહત્વપૂર્ણ ખુલાસો થયો છે. જ્યારે વસ્તુઓની લેબ રેકોર્ડ સાથે સરખામણી કરવામાં આવી, ત્યારે કાચના વાસણો, એમોનિયમ નાઈટ્રેટ અને કેટલાક રાસાયણિક પરીક્ષણ કીટ રેકોર્ડ સાથે મેળ ખાતા ન હતા.

ઘણી રાસાયણિક કીટ અને પ્રયોગશાળાના સાધનો ગુમ થયા હોવાનું જાણવા મળ્યું, અને તેમને લેબમાંથી દૂર કરતા પહેલા કોઈ એન્ટ્રી કરવામાં આવી ન હતી. પ્રયોગશાળાના સાધનોને કેમ્પસમાંથી ઓછી માત્રામાં, બેગ અને વાહનના થડમાં પેક કરીને લઈ જવામાં આવ્યા હતા. એમોનિયમ નાઈટ્રેટ સાથે પરીક્ષણ માટે વિવિધ રસાયણો અને પ્રયોગશાળાના કીટ પણ લેબમાંથી ગુમ હતા. NIA ધરપકડ કરાયેલા આતંકવાદીઓને આ રસાયણો વિશે પૂછપરછ કરી રહી છે, જેમાં દરેક રસાયણને લેબમાંથી ક્યારે દૂર કરવું, દરેક માટે શું ઉપયોગમાં લેવાયું, આ અંગે કોણે નિર્ણય લીધો, અને શું વિદેશી હેન્ડલરોએ બોમ્બ બનાવવા માટે દરેક રસાયણમાંથી કેટલી મોટી માત્રામાં વિસ્ફોટકો બનાવી શકાય છે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.



# રાજકોટની યશોગાથા: ૨૦ વર્ષ વિકાસના

## શ્યામા પ્રસાદ આર્ટ ગેલેરી ખાતે 'રાઈઝિંગ રાજકોટ'ની થીમ સાથેનું પ્રદર્શન ખુલ્લું

રાજકોટ, તા. ૨૨

રાજકોટ ખાતે વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત માટે પધારેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટની ડો. શ્યામા પ્રસાદ આર્ટ ગેલેરી ખાતે ''રાઈઝિંગ રાજકોટ''ની થીમ સાથે શહેરના ૨૦ વર્ષના વિકાસની યશગાથા વર્ણવતા પ્રદર્શન એકમને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ ડો. શ્યામા પ્રસાદ મુખર્જીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને રાજકોટના અતિત, આગત અને અનાગતના ભવ્ય વિકાસના પ્રદર્શનને રસપૂર્વક નિહાળ્યું હતું.

આ વેળાએ મુખ્યમંત્રીએ ''રાઈઝિંગ રાજકોટ''ની થીમ હેઠળ રાજકોટ શહેરના ૨૦ વર્ષના વિકાસની તસવીરી ઝલક સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રાજકોટ સાથેના સંસ્મરણો, કલા અને સાહિત્ય ક્ષેત્રે રાજકોટનું અનેરું પ્રદાન, પાણીના સ્વાવલંબન ક્ષેત્રે કરેલી જળક્રાંતિ, ઉદ્યોગ જગતમાં રાજકોટનો અમૂલ્ય ફાળો દર્શાવતા ઔદ્યોગિક એકમોની મશીનરીના વર્કિંગ મોડલ, વડાપ્રધાનશ્રી દ્વારા લિખિત પુસ્તકોની ઝાંખી, વર્ષ ૨૦૦૬થી લઈને વર્ષ ૨૦૨૫ સુધીના અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મોડલ સહિત જિલ્લાની વિકાસ યાત્રાને નિહાળીને રસપ્રદ માહિતી મેળવી હતી. વધુમાં રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ મુખ્યમંત્રીને દૂરંદેશી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના લોક કલ્યાણ કાર્યોના વિચારબીજ, ખાતમુહૂર્ત અને લોકાર્પણ તેમજ રાજકોટ જિલ્લાએ અર્બન ડેવલપમેન્ટ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓ વિશે વિસ્તૃત જાણકારી પૂરી પાડી હતી.

મુખ્યમંત્રીએ ઉપસ્થિતોને વડાપ્રધાન દ્વારા લખાયેલા અને રાજકોટ ખાતેથી વિમોચન થયેલા ''જ્યોતિ પુંજ'' પુસ્તકમાંથી જનસેવા માટેના વિચારોને આત્મસાત કરવાની પ્રેરણા આપી હતી.











આ પ્રસંગે પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, મેયર નયનાબેન પેઢડીયા, સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય સર્વે ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબરીયા, ડો.દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, અગ્રણીઓ સર્વે ભરતભાઈ બોઘરા, માધવભાઈ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, રાજુભાઈ ધ્રુવ, જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, ડી.સી.પી.જગદીશ બાંગરવા, નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતનભાઈ નંદાણી સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### માલવિયા નગરનો ચીલઝડપનો ગુનો ઉકેલાયો : સોનું, એકટીવા, રોકડ મળી ૪.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કરતી ક્રાઈમ બ્રાંચ

# સોનાની માળાની ચીલઝડપ કરનાર અઠંગ સમડી ઝડપાઈ

રાજકોટ, તા.૨૨

શહેરના રાજનગર ચોક વિસ્તારમાંથી એક વૃદ્ધના ગળામાંથી સોનાની રુદ્રાક્ષની માળાની ચીલઝડપ કરનાર જય નરેશ વાઘેલાને ૪.૧૫ લાખના મુદ્દામાલ સાથે ક્રાઈમ બ્રાન્ચે પકડી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરમાં ગુનાખોરીએ માઝા મૂકી છે. રોજ સૂરજ ઉગે એને કોઈને કોઈ વિસ્તારોમાં મારામારી, બબાલ, હત્યાની કોશિશ, ખૂન, દુષ્કર્મ જેવા ગંભીર પ્રકારના ગુના બની રહ્યા છે. સાથે સાથે થોડા સમયથી શહેરમાં રીક્ષા ગેંગ અને ચીલ ઝડપકારો પણ સક્રિય થતા પોલીસને ટાઢ ઉડી ગઈ હોવાનું જોવા મળે છે. રહી સહી આબરૂ બચાવવા હવે શહેરની તમામ પોલીસ એક્ટિવ મોડમાં આવી ગયાનું દેખાય છે. બીજી બાજુ શહેરના પોલીસ કમિશ્નર સહિતના અધિકારીઓ દ્વારા શહેર તેમજ જિલ્લા બહાર થતી નાની મોટી ચોરીઓ, ઘરફોડચોરી, વાહનચોરી ચીલઝડપ વગેરેના ગુના બનતા અટકાવા તેમજ આચરાયેલા ગુનાના ભેદ ઉકેલવા તમામ પોલીસ મથકોના અમલદારોને આદેશો આપ્યા છે.

આવા આદેશોના અનુસંધાને શહેર ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ ડામોર અને સી.એચ. જાદવ દ્વારા જુદી જુદી ટીમો બનાવીને મિલકત સંબંધી ગુનાઓને અટકાવવા માટે દરેક પોલીસ સ્ટેશનમાં સુચના આપી હતી. આવી સૂચનાને ધ્યાને લઈને પી.એસ.



આઈ. એ. એન.પરમાર, એસ. વી. ચુડાસમાની ટીમના સ્ટાફ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. ત્યારે હેડ કોન્સ્ટેબલ હરસુખભાઈ સબાડ, કૃષ્ણદેવસિંહ ઝાલા, કિશનભાઇ પાંભર અને કોન્સ્ટેબલ મહાવીરસિંહ જાડેજાને બનેલા ચીલઝડપના બનાવની તેમજ આવા ગુનામાં વપરાયેલ બાઈક બાબતે બાતમી મળતા, શહેરમાં અનેક સીસી ટીવી કેમેરાના ફૂટેજ તપાસતા એકટીવા હાથ લાગ્યું હતું. દરમિયાન એકટીવા કબ્જે કરી, નંબરના આધારે મૂળ આરોપી સુધી પહોંચીને ચીલઝડપકારને ઝડપી લીધો હતો.

પોલીસના જણાવ્યા પ્રમાણે પકડાયેલો શખ્સ જય નરેશ વાઘેલા મૂળ કે.કે. મોરી કારડીયા બોર્ડિંગની પાછળ વેરાવળનો રહીશ તેમજ હાલમાં સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, અંબિકા ટાઉનશીપ, શેરી નંબર ૩-ડી, નંદન હીલ પાસે, જીવરાજ પાર્ક, સત્યમભાઈ દેવમુરારીના મકાનમાં રહેતો હોવાનું બહાર આવતા તેમને ત્યાંથી દબોચી લેવાયો હતો.

આવા સમયે પોલીસે તેમની પાસેથી ૩.૫૦ લાખની ૩૫.૯૦૦ ગ્રામ સોનાની રુદ્રાક્ષની માળા, ૪૦ હજારનું નું જીજે ૦૩જે.એચ ૫૮૪૭ નંબરનું એકટીવા, ૨૦ હજારનો મોબાઈલ અને તેમજ ૫,૦૦૦ રોકડ મળીને ૪ લાખ ૧૫ હજારનો મુદ્દામાલ કબજે કરીને તેમને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરાઈ છે. અત્રે નોંધનીય છે કે શહેર ક્રાઈમ બ્રાન્ચે પકડેલા ચીલ ઝડપકાર બાબતે માહિતી મળી હતી કે તેમણે હસનવાડી શેરી નંબર-૨, સહકાર મેઈન રોડ, ત્રિશુલ ચોકમાં રહેતા અને લક્ષ્મીનગર શેરી-૬, અમૃત ક્રેડીટ સોસાયટીના ખૂણા પાસેથી પસાર થતા કમલેશભાઈ નાનજીભાઈ નકુમના ગળામાં પહેરેલી રુદ્રાક્ષની સોનાની પાંચ તોલાની અજાણ્યો એકટીવા ચાલક ગળામાંથી ઝોંટ મારીને આંચકી ગયો હોવાની ફરિયાદ માલવિયા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. જે ગુનાનો ભેદ ક્રાઈમ બ્રાંચે ઉકેલી નાખ્યાનું જણાવ્યું છે.

ચીલ ઝડપકાર જય વાઘેલાને પકડી પાડવામાં ક્રાઇમ બાચના પી.આઈ ગોંડલીયા, ડામોર તેમજ જાદવના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ પરમાર તેમજ એસ.વી. ચુડાસમા, સ્ટાફના એ.એસ.આઇ. હિતેન્દ્રસિંહ ઝાલા, વિજયભાઈ સોઢા. હેડકોન્સ્ટેબલ કૃષ્ણદેવસિંહ ઝાલા, અશોકભાઈ સબાડ, કિશનભાઇ પાંભર, જયદેવસિંહ પરમાર, અર્જુનભાઈ ડવ, મોહિલરાજસિંહ ગોહિલ, કોન્સ્ટેબલ મહાવીરસિંહ, ગોપાલભાઈ, મયુરધ્વજ સિંહ, પ્રશાંતભાઈ, કરણભાઈ, સંજયભાઈ, પોપટભાઈ, મનોજભાઈ તેમજ અરવિંદભાઈ સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.

# બજારને હાલક-ડોલક કરતો 'ફૂગાવો' કોને-ક્યારે અસર કરે?

## માંગ પ્રેરિત અને ખર્ચ પ્રેરિત ફૂગાવાના બે પ્રકારો જાણવા અને સમજવા જેવા

રાજકોટ, તા.૨૨

બજારમાં મોંઘવારી-સોંઘવારી બાબતે ચર્ચાઓ અને વાદ-વિવાદો થતા રહે છે. જાણકાર લોકોની આવી ચર્ચાઓ પરત્વે ગરીબ તેમજ મધ્યમ વર્ગ બહુ ધ્યાન આપતો નથી. પણ જ્યારે મોંઘવારી કેડ ભાંગી નાખે ત્યારે મોંઘવારી વધવાના કારણો શું ? અને તેમાં ક્યાં ક્યા પરિબળો ભાગ ભજવે છે ? વિગેરે વાતની ભીતરમાં જવાતા, હાલતા ચાલતા સાંભળવા મળતો શબ્દ 'ફુગાવો'ની રસપ્રદ માહિતી સાંપડી છે. ફુગાવો વધે-ઘટે તો બજાર પર કેવી અસર પડે તે વાતનો અંદાઝ સામાન્ય, ગરીબ તેમજ મધ્યમ વર્ગના લોકો સામે મૂકવા અહી પ્રયાસ કરવામાં આવ્યો છે.

વર્તમાન બજારને હાલક-ડોલક જેવી સ્થિતિમાં મૂકી દેતો ફુગાવો એ અર્થતંત્રમાં સમય જતાં વસ્તુઓ અને સેવાઓના સામાન્ય ભાવ સ્તરમાં થતો વધારો છે. સમય જતાં તમારા પૈસાની ખરીદ શક્તિ ઘટી જાય છે. એટલે કે, આજે જે વસ્તુ તમે રૂ.૧૦૦ માં ખરીદી શકો છો, તે જ વસ્તુ આવતા વર્ષે રૂ.૧૦૫માં ખરીદવા માટે તમારે વધુ પૈસાની જરૂર પડશે. ફુગાવાની સૌથી વધુ નકારાત્મક અસર નિશ્ચિત આવક ધરાવતા લોકો અને ગરીબ વર્ગ પર થાય છે. જે લોકો પેન્શન, વ્યાજની આવક, કે ભાડાની નિશ્ચિત આવક પર નિર્ભર છે, તેમની આવક વધતી નથી, પરંતુ મોંઘવારી વધવાથી તેમની જીવનજરૂરી વસ્તુઓ ખરીદવાની ક્ષમતા ઘટી જતું હોવાનું અનુભવ મળે છે. પગારદાર લોકો (ખાસ કરીને જેમના પગારમાં વધારો મોંઘવારીના દર કરતાં ઓછો હોય છે) તેમની આવક નિશ્ચિત હોવાથી, ફુગાવાના કારણે તેમની બચત અને ખર્ચ કરવાની શક્તિ ઓછી થાય છે. ગરીબ લોકો તેમની આવકનો મોટો હિસ્સો જીવનજરૂરી વસ્તુઓ જેમ કે ખોરાક, ઇંધણ અને શિક્ષણ પર ખર્ચે છે. જ્યારે આ વસ્તુઓના ભાવ વધે છે, ત્યારે તેમની પાસે બચત માટે કે અન્ય જરૂરિયાતો માટે પૈસા બચતા નથી, જેના કારણે ગરીબી વધતી હોવાનું મનાય છે.

ફુગાવો મુખ્યત્વે બે પ્રકારના દબાણ (પરિબળો)ને કારણે થાય છે. જેમાં એક માગ-પ્રેરિત ફુગાવોમા જ્યારે બજારમાં વસ્તુઓની માગ તેની ઉપલબ્ધતા-સપ્લાય કરતાં વધી જાય છે, ત્યારે ભાવ વધે છે. તેના મુખ્ય પરિબળોમાં લોકોની આવક વધવાથી તેમની ખર્ચ કરવાની ક્ષમતા વધે છે. વ્યાજના દર નીચા હોવાથી લોકો વધુ લોન લે છે અને ખર્ચ કરે છે.સરકાર દ્વારા માળખાકીય સુવિધાઓ પર વધુ ખર્ચ કરવાથી લોકોના હાથમાં પૈસા આવે છે. બજારમાં ગેરકાયદેસર નાણાંનો પ્રવાહ વધવાથી માગ વધે છે.

જયારે બીજા ખર્ચ-પ્રેરિત ફુગાવોમાં જ્યારે ઉત્પાદનનો ખર્ચ વધે છે, ત્યારે ઉત્પાદકો નફો જાળવી રાખવા માટે વસ્તુઓના ભાવ વધારી દે છે. તેના મુખ્ય પરિબળોમાં પેટ્રોલિયમ, ધાતુઓ, કે ખેતીના પાકો જેવા કાચા માલના ભાવ વધવા, મજૂરો અને કર્મચારીઓના વેતનમાં વધારો થવો સરકાર ઉત્પાદન અથવા વેચાણ પર ટેક્સ વધારે, પૂરવઠાની અછત યુદ્ધ, દુષ્કાળ, અથવા પરિવહનમાં અવરોધ (જેમ કે જામ) ના કારણે માલનું ઉત્પાદન કે વિતરણ ખોરવાઈ જવી અને ઉત્પાદકો ઊંચો નફો કમાવવાના ઈરાદાથી કૃત્રિમ રીતે ભાવ વધારે ત્યારે ખર્ચ પ્રેરિત ફુગાવો જન્મે છે.

ફુગાવાને નિયંત્રિત કરવામાં ભારતીય રિઝર્વ બેંક ની ભૂમિકા સૌથી મહત્ત્વની છે.રીઝર્વ રીઝર્વ બેંક ફુગાવાને નિયંત્રિત કરવા માટે મુખ્યત્વે નાણાકીય નીતિના સાધનોનો ઉપયોગ કરે છે, જેનો હેતુ બજારમાં નાણાંના પ્રવાહને નિયંત્રિત કરવાનો હોય છે. ફુગાવાને નિયંત્રિત કરવા માટે રીઝર્વબેંક દ્વારા લેવામાં આવતા મુખ્ય પગલાં જોઈએ તો રીઝર્વબેંક મુખ્યત્વે વ્યાજના દરોમાં ફેરફાર કરીને બજારની તરલતા (Liquidity) પર અસર કરે છે.



### ફુગાવાને માપવા શું મહત્વનું ?

ફુગાવાને માપવા માટે વપરાતા CPI (કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્ષ –ગ્રાહક ભાવાંક)માં કઈ વસ્તુઓનો સમાવેશ થાય છે? તે વિષે જાણવું મહત્ત્વનું છે, કારણ કે તે જ સામાન્ય માણસના ખિસ્સા પર થતી મોંઘવારીની અસર દર્શાવે છે. CPI એ એક સૂચકાંક છે જે ગ્રાહકો દ્વારા ખરીદવામાં આવતી વસ્તુઓ અને સેવાઓના એક ચોક્કસ બાસ્કેટના ભાવમાં થતા સરેરાશ ફેરફારને માપે છે. ભારતમાં, CPI ને મુખ્યત્વે ૬ મોટા સમૂહો (Groups) માં વહેંચવામાં આવે છે.

### કઈ કઈ બાબતોનો CPIમાં સમાવિષ્ટ ?

કઈ કઈ બાબતોનો ઇંડંમાં સમાવિષ્ટ દરેક વસ્તુને તેના વપરાશના પ્રમાણ મુજબ ચોક્કસ વેઈટેજ આપવામાં આવે છે. ખાદ્ય અને પીણાંમાં સૌથી વધુ ૪૫-૪૬ ટકા વેઈટેજ અપાતું હોવાનું જાણવા અને જોવા મળે છે કારણ કે દેશના પરિવારો તેમની આવકનો મોટો હિસ્સો ખોરાક પર ખર્ચે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો અનાજ અને ઉત્પાદનોમાં ઘઉં, ચોખા, બાજરી વગેરે, ફળો અને શાકભાજીમાં તમામ પ્રકારના મોસમી ફળો અને શાકભાજી, દૂધ અને દૂધની બનાવટોમાં દૂધ, દહીં, પનીર વગેરે., ઈંડા, માંસ અને માછલીમાં પ્રોટીન સ્ત્રોતો. તેલ અને ચરબીમાં રસોઈમાં વપરાતા ખાદ્ય તેલ તેમજ તૈયાર ભોજનમાં નાસ્તો, મીઠાઈઓ અને અન્ય ખાદ્યપદાર્થોનો સમાવેશ થાય છે. હાઉસિંગ અંતર્ગત આમાં ઘર ખરીદવા અથવા ભાડે રાખવા સંબંધિત ખર્ચાઓનો સમાવેશ થાય છે. જેમાં રહેણાંક મકાનોનું ભાડું અને સમારકામ સહીત અન્ય જાળવણી ખર્ચનો સમાવેશ કરવામાં આવે છે. તે ઉપરાંત રોજિંદા વસ્ત્રો અને ફૂટવેરની કિંમતોમાં થતો ફેરફાર માપવામાં આવે છે. તૈયાર કપડાં અને કાપડ અને બૂટ, ચપ્પલનો સમાવેશ થાય છે. ઇંધણ અને પ્રકાશ હેઠળ વીજળી, પેટ્રોલ, ડીઝલ અને રસોઈ માટે વપરાતા એલપીજી અને પીએનજી ઇંધણનો સમાવેશ થાય છે. એ સિવાય પરિવહન, સંદેસવ્યવ્હાર, શિક્ષણ તબીબી સારવાર, વ્યક્તિગત સંભાળ અને મનોરંજનનો પણ કન્ઝ્યુમર પ્રોડક્ટ ઈન્ડેક્ષમાં સમાવેશ થતો હોવાનું બજાર નિષ્ણાંતોનું કહેવું છે.

### રેપો રેટમાં વધારો

રેપો રેટ એ દર છે જેના પર રીઝર્વબેંક વ્યાપારી બેંકોને ટૂંકા ગાળા માટે લોન આપે છે. જ્યારે ફુગાવો વધે છે, ત્યારે રીઝર્વબેંક રેપો રેટ વધારે છે. બેંકો માટે રીઝર્વબેંક પાસેથી લોન લેવી મોંઘી પડે છે. બેંકો ગ્રાહકોને અપાતી હોમ લોન, કાર લોન વગેરેના વ્યાજ દરો વધારે છે.પરિણામે, બજારમાં લોકો ઓછી લોન લે છે અને ખર્ચ ઓછો કરે છે જેનાથી માગ ઘટે છે અને ફુગાવો નિયંત્રણમાં આવે છે.

### રોકડ અનામત ગુણોત્તર (Cash Reserve Ratio CRR) માં વધારો

CRR એ બેંકોએ તેમની કુલ થાપણોમાંથી અમુક હિસ્સો રોકડ સ્વરૂપે રીઝર્વબેંક પાસે ફરજિયાતપણે રાખવો પડે તે રકમનો ગુણોત્તર છે. રીઝર્વબેંક જ્યારે ફુગાવો વધે, ત્યારે CRR વધારે છે. બેંકોએ વધુ પૈસા રીઝર્વબેંક પાસે રાખવા પડે છે. બેંકો પાસે ગ્રાહકોને લોન આપવા માટે ઓછા પૈસા બચે છે.નાણાંનો પ્રવાહ ઘટે છે, જે ફુગાવાને નિયંત્રિત કરવામાં મદદ કરતો હોવાનું મનાય છે.

### સરકારી જામીનગીરીઓનું વેચાણ

સરકારી જામીનગીરી હેઠળ રીઝર્વબેંક સરકારી બોન્ડ્સ અને સિક્યોરિટીઝ ખરીદે કે વેચે છે. ફુગાવાને નિયંત્રિત કરવા માટે રીઝર્વબેંક બજારમાં સરકારી જામીનગીરીઓનું વેચાણ કરે છે.બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓ આ સિક્યોરિટીઝ ખરીદવા માટે તેમના પૈસા રીઝર્વબેંક ને આપે છે. આનાથી નાણાં બજારમાંથી પાછા ખેંચાઈ જાય છે. અને બજારમાં નાણાંનો પુરવઠો ઘટે છે.

### નૈતિક દબાણ

આ એક બિન-કાયદાકીય પદ્ધતિ મનાય છે, જેમાં રીઝર્વબેંક બેંકોને સલાહ, સમજણ અથવા વિનંતી દ્વારા માર્ગદર્શન આપે છે. રીઝર્વબેંક બેંકોને નિર્દેશ આપી શકે છે કે તેઓ લોન આપતી વખતે વધુ સાવચેતી રાખે અથવા અમુક ચોક્કસ ક્ષેત્રોમાં લોન ઘટાડે, જેથી બજારમાં જોખમી નાણાંનો પ્રવાહ ઘટી શકે છે. ફુગાવાને નિયંત્રિત કરવા માટે, રીઝર્વબેંક હંમેશા બજારમાં નાણાંનો પુરવઠો ઘટાડવા અને વ્યાજ દરો વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેથી લોકોની ખર્ચ કરવાની ક્ષમતા ઘટે અને માગ-પ્રેરિત ફુગાવો અંકુશમાં આવે છે.

લલચાઇ જતાં લોકો બની જાય છે શિકારઃ વધુ બે લાલબત્તી સમાન ફ્રોડ સામે આવ્યા

# નોકરી-આવાસના નામે ઠગ મહિલાનો લાખોનો ચૂનો

## પત્નિને પોલીસની નોકરી અપાવવા પતિએ લોન લઇ સાત લાખ દીધા, પણ મળ્યા માત્ર નિસાસાઃ ઘરનું ઘર લેવા જતાં મહિલાઓએ ગુમાવ્યા નવ લાખ

રાજકોટ, તા.૨૨

ગઠીયાઓઓ કેવા કેવા ખેલ કરીને લોકોને છેતરતા હોય છે તેના વધુ નાવ કિસ્સા સામે આવ્યા છે. એક બનાવમાં ઠગ મહિલાએ નોકરી, આવાસના નામે લોકોને ખંખેર્યા છે. રેલ્વે અને પોલીસમાં નોકરીના નામે દંપતિ પાસેથી સાત લાખ અને પીએમ આવાસના નામે મહિલાઓ પાસેથી નવ લાખથી વધુ પડાવી લેનાર ઠગ મહિલાના કારસ્તાનો પોલીસ સુધી પહોંચતા તપાસ શરૂ થઇ છે. બીજી તરફ એક મહિલાએ પાર્ટટાઇમ જોબના નામે ટાસ્કના ફ્રોડમાં ફસાઇને સાડાચાર લાખ ગુમાવી દીધા છે.

પ્રથમ ઘટના જોઇએ તો વડોદરા શહેર ગોત્રી વિસ્તારમાં આવેલી મુખ્યમંત્રી ગૃહ યોજનાના મકાનમાં રહેતી ઠગ મહિલાએ દંપતીને પોલીસ તથા રેલવેમાં નોકરી અપાવવાના બહાને રૂ.૭ લાખ તથા ૩ મહિલાઓને આવાસના મકાનો અપાવવાનું કહીને રૂ.૯.૧૨ લાખ મળી કુલ ૧૬.૧૨ લાખ પડાવી લીધા હતા પરંતુ, કોઇ સરકારી નોકરી કે આવાસનું મકાન નહી અપાવતા મહિલા સામે જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં યુવકે ઠગાઇની ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે આ મહિલાની શોધખોળ શરૂ કરી છે. વધુ માહિતી અનુસાર શહેરના નજીક આવેલી બિલ કેનાલ રોડ પર આવેલી દેવેશ એમ્પેરિયામાં રહેતા પિયુશ પરષોતમભાઈ ચાવડાની પત્ની ઈશાબેને પોલીસની ભરતી ઉમેદવારી ફોર્મ ભર્યું હતું પરંતુ, અમદાવાદ ખાતે દોડના પ્રેક્ટિલમાં તે નાપાસ થયા હતા.

આ દરમિયાન તેમના પિતરાઇ અરવિંદભાઈએ ઓળખીતા મિત્તલબેન કાર્તિક સાધુની સારી એવી ઓળખાણો છે. તે તારા પત્નીને પરીક્ષા પાસ કરાવવા માટે સેટિંગ કરી આપશે એમ કહ્યું હતું. જેની વાત અરવિંદભાઈએ મિતલબેનને વાત કરતા તેઓએ ૩ લાખ રૂપિયામાં ઈશાનુ પોલીસમાં સેટીંગ કરી આપશે તેમ કહ્યુ હતું.મિત્તલબેને યુવકની પત્ની ઈશાનો પોલીસ ભરતીની પ્રેકટીકલ પરીક્ષાનો કોલ લેટર અને આધારકાર્ડની નકલ મોકલવા માટે કહ્યુ હતું. કોલ લેટર જોયા બાદ મિત્તલબેન અરવિંદભાઈને તમારૂ કામ થઈ જશે પરંતુ, તમારે અડધુ પેમેન્ટ કરવું પડશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ આ ઠગ યુવતીએ પિયુષભાઈ ચાવડાને પણ રેલવેમાં કાયમી નોકરી અપાવવાની લાલચ



આપી હતી. જેથી દંપતીને મહિલા પર વિશ્વાસ આવી જતા તેઓએ મહિલાના રૂપિયા ૭ લાખ ચુકવી દીધા હતા.

પરંતુ મહિલાઓ કોઇ સરકારી નોકરી અપાવી ન હતી.આ ઉપરાંત ઠગ મહિલાએ દંપતીના ૭ લાખ ઉપરાંત જ્યોતિબેન અરવિંદભાઈ કાછેલ, પ્રિયંકાબેન તથા ઉર્વશીબેન પરમારને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન આપવાનું કહ્યું હતું અને તેમની પાસેથી જ્યોતિબેન પાસેથી ૬.૧૨ લાખ રૂપિયા પ્રિયંકાબેન કલારા પાસેથી ૨ લાખ તથા ઉર્વશીબેન પરમાર પાસેથી રૂપિયા ૧ લાખ મળી કુલ રૂપિયા ૧૬.૧૨ લાખ જેટલી માતબર રકમ પડાવી હતી પરંતુ, ઠગ મહિલા મિત્તલ સાધુએ કોઇ સરકારી નોકરી અપાવી ન હતી કે, આવાસના મકાનો નહી અપાવીને તેમની સાથે ઠગાઇ આચરી હતી. જેથી બિલ વિસ્તારમાં રહેતા યુવકે ઠગ યુવતી મિત્તલ સાધુ સામે ઠગાઇની ફરિયાદ જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. નોકરી મેળવવા સાત લાખ રૂપિયા આપવા માટે તેણીના પતિએ ચાર લાખની બેંકમાંથી લોન લીધી હતી, તેનો અગીયાર હજાર રૂપિયાનો હપ્તો આવે છે. હવે તે દર મહિને એકત્રીસ હજાર રૂપિયા હપ્તા ચુકવે છે.

બીજી ઠગાઈની ઘટનામાં વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના કોઠી ફળિયામાં રહેતા ગૃહિણી અને ઘરે ટ્યુશન શિક્ષિકાનો વ્યવસાય કરતા મહિલા સાથે ઓનલાઈન છેતરપિંડી આચરી હોવાની વિગતો સામે આવી છે. જેમાં ઓનલાઇન ટાસ્ક આપી મહિલા સાથે રૂપિયા ૪.૫૯ લાખની છેતરપિંડી આચરવામાં આવતા આ મામલે મહિલાએ પાદરા પોલીસ મથકમાં ફરિયાદ નોધી છે. આ બનાવમાં મહિલા આશરે પાંચ મહિના પહેલાં ઈન્સ્ટાગ્રામ પર મિસોની પાર્ટ ટાઈમ જોબની લોભામણી જાહેરાત જોઈને તેને ક્લિક કર્યું હતું. એડમાંથી તેમને સીધા વૉટ્સએપ પર રીડાયરેક્ટ કરવામાં આવ્યા અને ત્યાંથી ટેલિગ્રામ ગ્રૂપમાં જોડવામાં આવી હતી. શરૂઆતમાં હોટેલ રેટિંગ ટાસ્કના નામે નાની રકમ ભરવા કહેવામાં આવતાં અને તરત જ વધુ પૈસા પરત મળતાં મહિલાને વિશ્વાસ બેસી ગયો હતો.

પરંતુ ધીમે ધીમે ટાસ્કની રકમમાં વધારો અને બાદમાં તમારું એકાઉન્ટ ફ્રીઝ થઈ ગયું છે તેવું કહી ફરી ચાલુ કરવા માટે ૫૦ હજાર રૂપિયા ભરો જેવા બહાના કાઢીને ઠગોએ તેમની પાસેથી જુદા જુદા બેંક ખાતામાંથી રૂપિયા ૪,૫૮,૯૧૫ જમા કરાવ્યા હતા. જ્યારે મહિલાએ પૈસા પરત માંગ્યા ત્યારે ઠગોએ વધુ ઓફરો આપી અને છેવટે બ્લોક કરી દેતા મહિલાને શંકા ગઈ કે મારી સાથે છેતરપિંડી થઈ છે. બાદમાં મહિલાએ તરત જ ટેલિગ્રામ એકાઉન્ટ ડિલીટ કરી દીધું અને સાયબર ક્રાઈમ હેલ્પલાઈનની મદદથી ફરિયાદ નોંધાવી હતી.

નવી સવાર અને નવો કિસ્સોઃ ફ્રોડની દુનિયાનો જાણે આ નિત્યક્રમ બની ગયો

# બેંકની લિંક ઓપન કરતાં જ દંપતિએ ગુમાવ્યા લાખો

## વ્હોટ્સએપ ચેટીંગ કરી રહેલા દંપતિને મેસેજમાં બેંકની લિંક મળી તેને ક્લીક કરતાં જ ધડાધડ ટ્રાન્જેક્શન થયા અને નાણા ગયાઃ બીજી ઘટનામાં વૃધ્ધ સાથે જમીનના નામે નવ લાખની ઠગાઇ

રાજકોટ, તા.૨૨

ઓનલાઇન ફ્રોડની દુનિયામાં કોણ ક્યારે કયા સ્થળે શિકાર બની જાય તે કહી શકાતું નથી. વધુ આવા કિસ્સા સામે આવી ગયા છે. નવી સવાર અને નવો કિસ્સો એ જાણે નિત્યક્રમ બની ગયો હોય તેમ રોજેરોજ કોઇને કોઇ છેતરાઇ જાય છે. એક દંપતિને વ્હોટ્સએપ પર બેંકને લગતી ફિશીંગ લિંક મોકલી નાણા ઉસેડી લેવાયા છે. વ્હોટ્સએપમાં આવેલી લિંક પર ક્લીક કરતાં જ ધડાધડ ટ્રાન્જેકશન થઇ ગયા હતાં અને લાખો રૂપિયા ઉપડી ગયા હતાં. બીજી ઘટનામાં ઓફલાઇન ફ્રોડ થયું છે. જેમાં ગઠીયો પ્લોટ વેંચવાના નામે વૃધ્ધને નવ લાખનો ડામ દઇ ગયો છે.




ઓનલાઇન ફ્રોડની વિગતો પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના અણખોલ ગામના ખેડૂત જીતેન્દ્રભાઈ વલ્લભભાઈ પટેલ અને તેમની પત્ની સાથે ઓનલાઈન છેતરપિંડી અંગેની ફરિયાદ મંજુસર પોલીસ મથકમાં નોંધવામાં આવી છે. દંપતીએ ઈન્ડસઈન્ડ બેંકના નામે આવેલા એક ફિશિંગ લિંક પર ક્લિક કરતાંની સાથે જ તેમના બંને ખાતામાંથી કુલ રૂપિયા ૩,૦૧,૫૦૦ની રકમ ઠગબાજો દ્વારા ઉપાડી લેવામાં આવ્યા હતાં. આ અંગે જીતેન્દ્રભાઈએ નોંધાવેલ ફરિયદમાં જણાવ્યું છે કેતેઓ અને તેમની પત્નિ ઘરે તેમના મોબાઈલના વ્હોટ્સએપ પર એક અજાણ્યા નંબરથી મેસેજ આવ્યો હતો.

આ વખતે ઈન્ડસઈન્ડ બેંકનું ડિસ્પ્લે પિક્ચર હતું. મેસેજમાં બેંક તરફથી મોકલવામાં આવી હોવાનું માનીને તેમણે તેમાં આવેલી લિંક પર ક્લિક કર્યું હતું. ક્લિક કરતાંની સાથે જ મોબાઈલ ઓટોમેટિક મોડમાં ગયો અને બેંકના બ્બ્ભ્ના મેસેજ આવવા લાગ્યા હતા. થોડી જ મિનિટોમાં તેમની પત્ની તરલીકાબેન જીતેન્દ્રભાઈ પટેલના ખાતામાંથી એક બાદ એક એમ ત્રણ ટ્રાન્ઝેક્શન થકી રૂપિયા ૨,૮૭,૦૦૦ અને જીતેન્દ્રભાઈના ખાતામાંથી ૧૪,૫૦૦ મળી કુલ ૩,૦૧,૫૦૦ની રકમ ડેબિટ થઈ ગઈ હતી. આ બાદ ઠગાઈની ખબર પડતાંની સાથે જ તેમણે તાત્કાલિક મોબાઈલ ફેક્ટરી રિસેટ કરી નાખ્યો હતો. આ અંગે સાયબર હેલ્પલાઇન નંબર પર કોલ કરી જાણ કરતા આ નાગે પાદરા પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી હતી. આમ બેંકના નામે લિંક મોકલી ઠગાઇ કરવામાં આવી હતી.

બીજી ઘટના જોઇએ તો અમરેલીના રાજુલામાં શિક્ષક સોસાયટીમાં રહેતા પ્રમોદભાઈ નંદલાલભાઈ જોશી નામના વૃદ્ધે જૂની બારપટોળી ગામના દિલુ કોટેલા નામના શખ્સ સામે રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ થઇ છે. જેમાં તેણે જણાવ્યું છે કે ગત વર્ષે નવેમ્બર માસમાં તેમને લેટનું વેચાણ કરવાનું હોય દિલુ કોટિલાનો સંપર્ક કર્યો હતો. લેટના બદલામાં પ્લોટ લેવાનું નક્કી કરી ઉપરના નીકળતા રૂપિયા નવ લાખ આ શખ્સને રોકડા આપી દીધા હતા. ત્યાર બાદ દિલુ કોટીલાએ પ્લોટનો દસ્તાવેજ કરી દીધો ન હતો અને રૂપિયા ૯,૦૦,૦૦૦ રૂપિયાની રોકડ પણ રકમ પરત આપી ન હતી. આમ જમીનના સોદાના નામે વૃધ્ધના નવ લાખ ઉસેડી લેવાયા હતાં. ઓનલાઇન, ઓફલાઇન ફ્રોડની અસંખ્ય ઘટનાઓ રાજયભરમાં રોજબરોજ બનતી રહે છે. જેમાં લોકો લાખો કરોડો ગુમાવી રહ્યા છે. આ પ્રકારના કિસ્સાઓ અટકતા જ નથી તે ખુબ ચિંતાજનક બાબત બની ગઇ છે.

અવાર-નવાર સગીરાઓ ગૂમ થવાના વધી ગયા છે કિસ્સાઃ વાલીઓ ચેતે

# બે બાળા ભેદી રીતે ગૂમ : અપહરણ?

## કોઠારીયા વિસ્તારની બાળાના અપહરણની આજીડેમ પોલીસમાં અને થોરાળા વિસ્તારની બાળાની થોરાળા પોલીસમાં દાખલ થઇ FIR

રાજકોટ, તા.૨૨

શહેરમાં સમયાંતરે કે અવાર-નવાર બાળાઓ, સગીરાઓ ગૂમ થઇ જાય છે. મોટા ભાગના કિસ્સામાં તપાસને અંતે એવી વિગતો ખુલતી હોય છે કે આ સગીરાઓને મિત્રતા, પ્રેમજાળમાં ફસાવીને પરિચીતો કે કહેવાતા પ્રેમીઓ ભગાડી ગયાનું ખુલતું હોય છે. આ પ્રકારના વધુ બે નવા કિસ્સા સામે આવ્યા છે. જેમાં ચૌદ અને તેર વર્ષની બે બાળા ગુમ થઇ જતાં અપહરણની એફઆઇઆર દાખલ થઇ છે. આ બનાવ કોઠારીયા વિસ્તાર અને થોરાળા વિસ્તારમાં બનતાં આજીડેમ પોલીસ અને થોરાળા પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



વિગતો પર નજર કરીએ તો આજીડેમ પોલીસે કોઠારીયા ગુલાબનગર વિસ્તારમાં રહેતાં મુળ મધ્યપ્રદેશના મજૂર પ્રૌઢની ફરિયાદ નોંધી છે. તેમને ચાર સંતાન છે. તે પૈકી ચૌદ વર્ષની દિકરી સત્તરમીના રોજ ઘરે એકલી હતી. પ્રૌઢની તબિયત સારી ન હોઇ તે દવા લેવા ગયા હતાં. પરત એકાદ કલાકમાં બપોરે ઘરે આવ્યા ત્યારે નાની દિકરી ઘરમાં જોવા મળી નહોતી. તપાસ કરવા છતાં અને સગા સંબંધીને ત્યાં તપાસ કરાવવા છતાં પત્તો ન મળતાં શોધખોળ બાદ અંતે આજીડેમ પોલીસને જાણ કરી હતી. પોલીસ ઇન્સ. અશોકસિંહ બી. જાડેજાની રાહબરીમાં હેડકોનસ. બી. જે. વાઘેલાએ અજાણ્યા શખ્સ સામે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. તેણી ઘરેથી નીકળી ત્યારે ગ્રીનલ કલરનો ડોટવાળો ડ્રેસ અને લાલ ભુરારંગની ચોરણી પહેરી હતી.

અપહરણના બીજા બનાવમાં થોરાળા પોલીસે દૂધ સાગર રોડ વિસ્તારના તૌસીફ ફકીર વિરૂધ્ધ અપહરણનો આરોપ મુકી ગુનો નોંધ્યો છે. ફરિયાદી મહિલાની તેર વર્ષની દિકરી એકવીસમીના સાંજે ઘરેથી ગૂમ થયા બાદ પત્તો ન મળતાં શોધખોળ કરતાં તેને સાગર ચોકનો તૌસીફ ભગાડી ગયાની માહિતી મળતાં પોલીસને જાણ કરી હતી. થોરાળા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર જી. એન. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ. એસ. મહેશ્વરીએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે. તૌસીફને શોધવા પોલીસ મોબાઇલ લોકેશન, સીસીટીવી ફૂટેજ સહિતની મદદ લેશે.

ઉલ્લેખનીય છે કે સગીરાઓ ગૂમ થયા બાદ તેમના પરિવારજનો શોધખોળ કરતાં હોય છે અને અંતમાં પોલીસને જાણ કરતાં હોય છે. પોલીસ તપાસમાં મોટે ભાગે આ સગીરાઓ, બાળાઓને લલચાવી ફસાવી લેભાગુ તત્વો કહેવાતા પ્રેમીઓ ભગાડી ગયાનું ખુલતું હોય છે. ઘણીવાર તો આવા શખ્સો પકડાય ત્યારે તેણે જે તે ભોગ બનનાર સાથે બળજબરી આચરી લીધાનું પણ ખુલતા પોલીસ પોક્સો હેઠળ કાર્યવાહી કરતી હોય છે. વધુ બે નવા કિસ્સામાં સગીરાઓ હેમખેમ પરત આવી જાય તે માટે પોલીસે તપાસનો ચક્રો ગતિમાન કર્યા છે.

# બેભાન થયા બાદ ચારના મૃત્યુ

## ચારેયએ સિવિલ હોસ્પિટલમાં લીધા અંતિમશ્વાસઃ પોલીસે મોતનું કારણ જાણવા કરાવ્યું પોસ્ટમોર્ટમ

રાજકોટ, તા.૨૨

બેભાન થઇ જવાથી મૃત્યુની અવાર-નવાર બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ ચાર લોકોના આ રીતે મૃત્યુ થતાં તેમના પરિવારજનોમાં શોક વ્યાપી ગઇ છે.



વિગતો જોઇએ તો શહેરના ગોંડલ રોડ પર લોધેશ્વર સોસાયટી-૮માં રહેતાં ચુમાલીસ વર્ષના ભરતભાઇ અર્જુનભાઇ ઝરીયા સાંજે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તે ચાર ભાઇમાં નાના હતાં અને સંતાનમાં બે દિકરી તથા એક દિકરો છે. તે ફુલહારનો ધંધો કરતાં હતાં. પેટમાં પાણી ભરાઇ જવાની બિમારી હોવાનું સગાએ કહ્યું હતું. આ અંગે માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. બીજા બનાવમાં દૂધની ડેરી પાસે મેમણ કોલોનીમાં રહેતાં અડતાલીસ વર્ષના મુનાફભાઇ હારૂનભાઇ કાથાવાલા ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે એક બહેન બે ભાઇમાં નાના હતાં. લાંબા સમયથી બિમાર હોવાનું સગાએ કહ્યું હતું. બનાવ અંગે થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી. ત્રીજા બનાવમાં ગોકુલધામ પાછળ આંબેડકરનગર-૧માં રહેતાં સતાવન વર્ષના નાજાભાઇ મગનભાઇ વકાતર રાતે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

બિમારી હોવાનું સગાએ કહ્યું હતું. તબિબે પોલીસ કેસ જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી. ચોથા બનાવમાં ત્રંબા નજીક ઢાંઢીયા ગામે રહેતાં પિસ્તાલીસ વર્ષના મુકેશભાઇ પ્રેમજીભાઇ ઓળકીયા રાતે અગીયારેક વાગ્યે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમને પણ બિમારી હોવાનું જણાવાયું હતું. આ તમામ બનાવોમાં તબિબે એમએલસી એટલે કે પોલીસ કેસ જાહેર કરતાં જે તે પોલીસ સ્ટેશના દ્વારા આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

ઓનલાઇન ફ્રોડ-યે રૂકેગા નહિ...એક વેપારીએ સાડાચાર લાખ, વૃદ્ધે સવા બે લાખ ગુમાવ્યા

# RTO ચલણ-કસ્ટમર કેરના નામે ઠગાઇ

## વેપારીને ચલણ આવ્યું એપીકે ફાઇલ ખોલતાં જ ખાતામાંથી ઉપડી ગયા રૂપિયાઃ વૃધ્ધ બેંકનો કસ્ટમર કેર નંબર શોધતા હતાં અને ગઠીયાનો ભેટો થઇ ગયો

રાજકોટ, તા. ૨૨

સાયબર ફ્રોડની વધુ નવી ઘટનાઓ પોલીસ ચોપડે ચડતાં તપાસ શરૂ થઇ છે. આરટીઓ ચલણના નામે લાખોની ઠગાઇ થઇ ગઇ છે. વેપારીને ચલણના નામે આવેલી એપીકે ફાઇલ ઓપન કરતાં જ તેના બેંક ખાતામાંથી રૂપિયા ઉપડી ગયા હતાં. બીજી આવી ઘટનામાં ગૂગલ પર કસ્ટરમર કેર નંબર સર્ચ કરવાના પ્રયાસમાં નાણા ગુમાવી દીધા છે.

ઘટના પર નજર કરીએ તો વડોદરાની આ ઘટના છે. સાયબર ફ્રોડ જાણે સામાન્ય બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. સાયબર પોલીસ દ્વારા અવાર નવાર જનજાગૃતિ છતાં પણ લોકો જાગૃત થતા નથી અને પોતાના કમાયેલા રૂપિયા કોઈને કોઈ લાલચમાં આવી ગુમાવવાનો વારો આવતો હોય છે. ત્યારે ડભોઇના એક વેપારીએ આરટીઓ ચલણના નામે આવેલી એપીકે ફાઇલ ડાઉનલોડ કર્યા પોતાના બેંક ખાતામાંથી ૪.૪૦ ઉપડી જતા ડભોઇ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવી છે. ડભોઇના શ્રીનિવાસ સોસાયટીમાં રહેતા વેપારી મનોજભાઈ છગનભાઈ પટેલ પાસેથી ફક્ત એક એપીકે ફાઈલ ડાઉનલોડ કરતાં જ તેમના ત્રણેય બેંક ખાતામાંથી કુલ રૂપિયા ચાર લાખ ચાલીસ હજારની ઠગાઈ થઈ ગઈ હતી.

તેઓ કુબેર ટ્રેડર્સ નામની બિલ્ડિંગ મટિરિયલ્સની દુકાન ચલાવે છે. તેઓએ ફરિયાદમાં જણાવ્યું છે કે એક રાત્રે તેઓ ઘરે બેઠા મોબાઈલ ચેક કરતા હતા ત્યારે તેમના વૉટ્સએપ ગ્રુપમાં ગોવિંદભાઈ પટેલ નામના વ્યક્તિ તરફથી આરટીઓ ચલણ નામની એક ખ્ભ્દ ફાઈલ આવી હતી. તેમને લાગ્યું કે તેમની ફોરવ્હીલર ગાડીનું રૂપિયા ૫૦૦નું ઈ-ચલાન ભરવાનો મેસેજ હશે. તેમણે ફાઈલ પર ક્લિક કરી અને એપ ડાઉનલોડ થઈ ગઈ હતી. પેમેન્ટનો કોઈ ઑપ્શાન ન આવતાં તેમણે એપ બંધ કરી ઘી ગયા હતા. બીજા દિવસે સવારે તેઓના મોબાઈલ પર એક પછી




એક ઓટીપી આવવા લાગ્યા અને ત્રણેય બેંક ખાતામાંથી પૈસા કપાતા હોવાના મેસેજ આવવા લાગતા જ તેઓએ બેંકની એપ ખોલવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ એપ ખુલી નહીં. તેઓ બેંકની વડોદરા અને ડભોઇ બ્રાન્ચમાં ગયા ત્યાં ખબર પડી કે તેમનો ફોન હેક થયો છે અને સાયબર ઠગોએ તેમના ખાતામાંથી અલગ અલગ ત્રણ ટ્રાન્ઝેક્શન થકી રૂપિયા ૪.૪૦ લાખ ઉપડી લીધા છે. આ અંગે તેઓએ તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઇન પર જણાવ્યું અને બાદમાં ડભોઇ પોલીસે આ મામલે ફરિયાદ નોધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી આવી ફ્રોડની ઘટના જોઇએ તો વડોદરાના ગોત્રી-સેવાસીરોડ પર ઇસ્કોન હાર્મનીમાં રહેતા ઈન્ડિયન બેંકના નિવૃત્ત કર્મચારી શ્રીનિવાસન વેકટરામન ઐયર જે છોંતેર વર્ષના છે તેઓ બેંકના પોર્ટલ પર ઇન્ડિયન બેંકની ચેન્નાઈની લેટીસ બ્રિજ બ્રાંચનો નંબર શોધતા હતા પરંતુ નહી મળતા આખરે તેમણે ગૂગલ પર સર્ચ કરતા એક નંબર મળેલ અને તે નંબર પર સંપર્ક કરતા નંબર બંધ બતાવતો હતો. થોડા સમયમાં જ લેપટોપ સ્ક્રિન પર પોપઅપ આવ્યું હતુ અને તેમાં બી.એમ. શ્રી રાહુલસિંહનો ઉલ્લેખ હતો. થોડા સમયમાં જ શ્રીનિવાસને રાહુલસિંહને ફોન કરી પોતાની સમસ્યા જણાવી હતી. બાદમાં રાહુલે વોટ્સએપ વીડિયોકોલ કરીને તેણે કસ્ટમર સપોર્ટ એપીકે નામની ફાઇલ મોકલી હતી અને તેના પર ટચ કરી લિંક ખોલવા જણાવાયુ હતું.

બાદમાં શ્રીનિવાસને ટચ કરતા એક ફોર્મ ખૂલ્યું હતું જેથી રાહુલસિંહની સુચના મુજબ ફોર્મ ભર્યુ હતું. દરમિયાન રાહુલે કોઇ જવાબ નહી આપતા શ્રીનિવાસને તું મારી સાથે ચિટીંગ કરે છે તેમ કહેતાં જ તેણે વીડિયોકોલ કટ કરી દીધો હતો અને બાદમાં શ્રીનિવાસનના એકાઉન્ટમાંથી રૂપિયા બે લાખ પંચાવન હજારની રકમ ઉપડી ગઇ હોવાનું જણાયું હતું. આ અંગે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઇ હતી. આમ ઓનલાઇન ફ્રોડની વધુ બે ઘટનામાં આરટીઓના ચલણના નામે અને કસ્ટમર કેરના નંબર સર્ચ કરવા જતાં બે લોકો છેતરાઇ ગયા હતાં.

### ગામને કેવી રીતે છેતરવા એ ગઠીયાઓ સારીપેઠે જાણે છેઃ વધુ એક ફ્રોડ

# મા-બેટાએ બેંકને ચોપડ્યો અડધા કરોડનો ચૂનો

## એક હોમલોન ચાલુ હતી તેના હપ્તા ન ભરી બોગસ એનઓસી ઉભુ કરી લોન ક્લોઝનો દેખાડો કરી બીજી બેંકને છેતરવા જતાં ફુટી ગયો ભાંડો

રાજકોટ, તા. ૨૨

ઠગાઇના કિસ્સાઓમાં અલગ અલગ તરકીબોનો ઉપયોગ કરી લોકોને છેતરી લેવાતા હોય છે. ઘણા કિસ્સામાં બાપ બેટા કે ભાઇઓ સાથે મળીને કે પછી મિત્રો કાવત્રા ઘડીને ગામને છેતરતા હોય છે. પણ એક એવો બનાવ સામે આવ્યો છે જેમાં મા-બેટાએ સાથે મળીને અધધધ અડધા કરોડનો ચૂનો લગાવી દીધો છે. બેંકમાંથી હોમ લોન લીધા બાદ બનાવટી એનઓસી તૈયાર કરી લોન ક્લોઝ કર્યાનો દેખાડો કરી અન્ય એક બેંકમાંથી નવી લોન લઇ લેવાનો પ્રયાસ કરતાં આ ઠગ મા-દિકરાનો ભાંડો ફુટી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો ઘટના વડોદરાની છે. અહિની બેંક ઓફ બરોડાની જવાહરનગર વિસ્તારમાં આવેલી રણોલી શાખામાંથી હોમ લોન લીધા બાદ માતા પુત્રએ બેંકના લેટરહેડ પર બનાવટી એનઓસી તૈયાર કરીને લોન ક્લોઝ કર્યાનો દેખાડો કરીને કેનેરા બેંકમાંથી નવી લોન મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે બેંકને આશરે ૪૯.૫૦ લાખ રૂપિયાના આર્થિક નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. જેથી બેંક ઓફ બરોડાની રણોલી શાખાના મેનેજરે માતા પુત્ર સામે સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બેંક ઓફ બરોડાના રણોલી શાખાના મેનેજર અમિતકુમાર રામ ઇકવાલ રાયે સમા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે વડોદરાના તરસાલી વિસ્તારમાં પલાસ હાઈટ્સ-૨માં બે લેટ ખરીદવા કેવિન કરકર અને તેમની માતા બકુલાબેન કિશોરભાઈ કરકરે બેંકમાંથી કુલ ૪૯.૫૦ લાખ રૂપિયાની હોમ લોન લીધી હતી.

બંને લોનના થોડા હપ્તા ભર્યા બાદ તેઓએ




હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું અને એકાઉન્ટ અનિયમિત થઈ ગયું હતું. ત્યારબાદ કેનેરા બેંકની સમા રોડ શાખામાંથી બેંક ઓફ બરોડાને એક ઈ મેઈલ આવ્યો હતો, જેમાં કેવિન કરકર અને બકુલાબેન કરકરની બેંક ઓફ બરોડાની બંને હોમ લોનની બાકી રકમ ચુકવીને લોન ક્લોઝ કરી દેવાઈ હોવાનું જણાવતું એનઓસી જોડેલું હતું. આ એનઓસી બેંક ઓફ બરોડાના અધિકૃત લેટરહેડ પર તૈયાર કરવામાં આવ્યું હતું અને તેમાં સિનિયર બ્રાન્ચ મેનેજરની સહી તથા બેંકનો સ્ટેમ્પ પણ લાગેલો હતો.

આ એનઓસીની ચકાસણી કરતાં બેંક ઓફ બરોડાના તત્કાલીન મેનેજર શ્રીકાંતકુમાર જીતનપ્રસાદને ખાતરી થઈ કે બંને લોન એકાઉન્ટમાં હજુ મોટી રકમ બાકી છે. તપાસ કરતાં એ પણ સામે આવ્યું હતું કે રજૂ કરાયેલુ એનઓસી સંપૂર્ણપણે બનાવટી છે. બેંકે તુરત જ કેનેરા બેંકને જાણ કરી દીધી કે, આવું કોઈ એનઓસી અમે જારી કર્યું નથી. બેંકના મેનેજર અમિતકુમારે ફરિયાદમાં જણાવ્યું છે કે કેવિન કરકર અને બકુલાબેન કરકરે બેંક સાથે છેતરપીંડી કરવાના ઈરાદે બેંકના લેટરહેડ, સહી તથા સ્ટેમ્પનો દુરુપયોગ કરીને ખોટું એનઓસી તૈયાર કર્યું હતું.

તેમજ તેનો ઉપયોગ કરીને કેનેરા બેંકમાં નવી લોન મેળવવાનો પ્રયાસ કર્યો હતો, જેથી બેંકને મોટું આર્થિક નુકસાન થવાની શક્યતા હતી. આ મામલે સમા પોલીસ સ્ટેશનમાં કેવિન કરકર અને બકુલાબેન કિશોરભાઈ કરકર સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. આમ લોકો કેવા કેવા ગતકડાઓ કરીને બીજાને છેતરતા હોય છે તેનો આ ઘટના વધુ એક પુરાવો આપી રહી છે. અગાઉ પણ બેંકોને અલગ અલગ રીતે છેતરીને લાખો કરોડોનો ચુનો લગાવી દેવાયો છે. તેમાં આ વધુ એક ઘટના સામે આવી છે. રાજ્યભરમાં આ પ્રકારના ફ્રોડ સતત થતાં રહે છે.

# અફેરને કારણે ધમકીથી યુવાને ટૂંકાવ્યુ જીવન

## શાપરના ફાયનાન્સ કર્મચારીને સાથી કર્મચારીની પત્નિ સાથે પ્રેમ હતોઃ પતિ, દિયરને ખબર પડી જતાં ધમકી આપતાં ગળાફાંસો ખાઇ લીધો હતોઃ બંને સામે ગુનો દાખલ કરાયો

રાજકોટ, તા. ૨૨

આડાઅવળા સંબંધોનો અંજામ મોટે ભાગે કરૂણ આવતો હોય છે. આવી જ એક ઘટના રાજકોટ જિલ્લાના શાપર વેરાવળમાં બની છે. અહિ રહી ફાયનાન્સ કંપનીમાં નોકરી કરતાં મુળ ગોંડલ પંથકના ચોવીસ વર્ષના યુવાને ગળાફાંસો ખાઇ લીધાની ઘટનામાં ચોંધાવનારી વિગતો ખુલી છે. આ યુવાનને તેની જ સાથે નોકરી કરતાં યુવાનની પત્નિ સાથે અફેર થઇ જતાં અને બંનેને પતિ, દિયરે પકડી લેતાં અને ધમકી આપતાં તે મરી જવા મજબૂર થયાની એફઆઇઆર દાખલ કરાવાઇ છે. શાપર પોલીસે આ બનાવમાં વિશેષ કાર્યવાહી હાથ ધરી છે.



**આડાઅવળા સંબંધોનો આવતો હોય છે કરૂણ અંજામઃ લાલબત્તી સમાન ઘટના**

વિગતો પર નજર કરીએ તો શાપર ખાતે રહેતાં અને નોકરી કરતાં રહેતાં મુળ ગોંડલના કમઢીયાના ચોવીસ વર્ષીય યુવકે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. આ યુવાનને રાજકોટની એક પરિણીતા સાથે પ્રેમસંબંધ હોઇ તે મામલે તેને પરિણીતાના રાજકોટ રહેતાં પતિ અને દિયરે ધમકીઓ આપતાં તેણે આ પગલુ ભરી લીધાનું ખુલ્યું હતું. શાપર પોલીસે ગોંડલના કમઢીયા ગામે રહેતાં ઓગણત્રીસ વર્ષના સિધ્ધરાજભાઇ જયંતિભાઇ પરમારની ફરિયાદ પરથી મુળ વિસાવદરના જાંબુડાના અને હાલ રાજકોટ કટારીયા ચોકડીએ રંગોલી હાઇટ્સ બીમાં રહેતાં સાગર મનજીભાઇ સાગઠીયા અને રવિ મનજીભાઇ સાગઠીયા વિરૂધ્ધ સિધ્ધરાજભાઇના ભાઇ જયદિપભાઇ જયંતિભાઇ પરમાર (રહે. હાલ શાપર વૃજવાટીકા સોસાયટી, મુળ કમઢીયા તા. ગોંડલ)ને મરી જવા મજબૂર કકરવા સબબ એફઆઇઆર દાખલ કરી છે.

ફરિયાદની વિગતો જોઇએ તો ગોંડલના કમઢીયા ગામના અને હાલ શાપરની વ્રજવાટિકા સોસાયટીમાં રહેતા ૨૪ વર્ષીય જયદિપભાઈ જયંતીભાઈ પરમારે શાપરમાં પ્રગતિ મોલમાં આવેલ નીલમ ગેસ્ટ હાઉસના એક રૂમમાં ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. જયદિપ છેલ્લા બે વર્ષથી શાપરમાં રહી બજાજ ફાઇનાન્સના લોન ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતો હતો. મૃતકના મોટા ભાઈ સિધ્ધરાજભાઈ જયંતીભાઈ પરમારે શાપર પોલીસ સ્ટેશનમાં આપેલી ફરિયાદ મુજબ જયદિપભાઇના મૃતદેહનું પી.એમ. રાજકોટની સરકારી હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું હતું. ફરિયાદમાં જણાવાયું છે કે આપઘાત કરનારા જયદિપભાઇને તેના નોકરીના પાર્ટનર સાગરભાઈ મનજીભાઈ સાગઠીયાની પત્નિ મોનીકા સાથે પ્રેમસંબંધ હતો. સાગર અને તેના ભાઈ રવિ મનજીભાઈ સાગઠીયાને આ બાબતની જાણ થતા, તેઓએ શાપરમાં એક હોટલ નજીક જયદિપ અને મોનીકાને સાથે પકડી પાડ્યા હતા.

આ મામલે સાગર અને રવિએ જયદિપભાઇ સાથે ઉગ્ર ઝઘડો કર્યો હતો અને તેને ગંભીર ધમકી આપી હતી. ફરિયાદી સિધ્ધરાજભાઈએ પોલીસને જણાવ્યું હતુ કે રવિ અને સાગરે મારા ભાઇ જયદિપભાઇને ધમકી આપી હતી કે જો તું ફરીવાર મોનીકા સાથે દેખાઈશ તો જાનથી મારી નાખીશ. આ ધમકી અને ઝઘડાને કારણે જયદિપભાઇને ખુબ જ લાગી આવ્યું હતુ અને તેથી જ તેણે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

ઘટનાની જાણ થતાં પરિવારજનો, જેમાં સિદ્ધરાજભાઈ અને તેમના કૌટુંબીક ભાઈ રતીભાઈ, જયદિપભાઈને શોધવા નીકળ્યા હતા અને બાદમાં તેની ઓફિસ ઉપર આવેલ ગેસ્ટ હાઉસમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે ફરિયાદ નોંધીને, આત્મહત્યા માટે દુષ્પ્રેરણા આપવા બદલ સાગરભાઈ મનજીભાઈ સાગઠીયા અને તેના ભાઈ રવિભાઈ મનજીભાઈ સાગઠીયા સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આમ પારકી પરણેતર સાથેના પ્રેમસંબંધમાં ધમકી મળતાં યુવાન મરી જવા મજબૂર થયો હતો. પોલીસે એફઆઇઆર દાખલ કરી આરોપી એવા બંને ભાઇઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી.

### અગાઉ બંને વચ્ચે પ્રેમ હતો ત્યારે તેણીએ રૂપિયા દીધા હતાંઃ દગાખોરી થતાં બંને છુટા પડેલા ત્યારે રકમ પાછી આપી હતીઃ ફરીથી યુવતિએ વિશ્વાસ રાખી ઉછીની રકમ આપી જે પાછી માંગતા ડખ્ખો

# પુર્વ પ્રેમીએ મધરાતે યુવતિના પગ ભાંગ્યા

## પરણેલા કાનાએ પોતે કુંવારો હોવાનું કહી યુવતિને ફસાવી હતીઃ લગ્નના નામે શોષણ કર્યાનો આક્ષેપ

રાજકોટ, તા. ૨૨

જુના પ્રેમ પ્રકરણને કારણે ડખ્ખાની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં એક યુવતિના તેના પુર્વ પ્રેમીએ લોખંડના પાઇપના ઘા ફટકારી પગ ભાંગી નાંખતા તેણીને હોસ્પિટલના બીછાને પહોંચવાની નોબત આવી છે. યુવતિના પૈસા તેનો પુર્વ પ્રેમી પાછા ન આપતો હોઇ તેણીએ પોલીસમાં અરજી કરતાં ખાર રાખી મોડી રાતે તે યુવતિના ઘરે પહોંચી ગયો હતો અને લોખંડના પાઇપથી તૂટી પડ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરના રૈયા રોડ વિસ્તારમાં રહેતી અને પ્રાઇવેટ નોકરી કરતી પચ્ચીસ વર્ષની યુવતિ રાતે ત્રણેક વાગ્યે ઘર પાસે હતી ત્યારે હિરેન ઉર્ફ કાનો રાજા નામના



શખ્સે આવી લોખંડના પાઇપથી હુમલો કરી બેફામ માર મારતાં પગમાં ફ્રેકચર જેવી ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હોઇ યુનિવર્સિટી પોલીસ દ્વારા તેણીની ફરિયાદ પરથી કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. વધુ માહિતી અનુસાર રૈયા રોડ વિસ્તારમાં રહેતી પચ્ચીસ વર્ષની યુવતિ રાતે ત્રણ વાગ્યે ઘર પાસે હતી ત્યારે હિરેન ઉર્ફ કાનો રાજા આવ્યો હતો અને ઝઘડો કરી લોખંડના પાઇપથી આડેધડ માર મારતાં સિવિલ હોસ્પિટલમાં ખસડવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. યુવતિએ કહ્યું હતુ કે બે વર્ષ પહેલા તેણીનો પરિચય કાના રાજા સાથે થયો હતો.

જે તે વખતે કાના રાજાએ પોતે કુંવારો હોવાનું કહ્યું હતું. બાદમાં બંને વચ્ચે પ્રેમ થયો હતો. જે તે વખતે તેણીએ તેને બે લાખ સિત્તેર હજાર જેવી રકમ આપી હતી. લગ્નની લાલચ આપી તેણે શોષણ કર્યુ હતું. પરંતુ બાદમાં તે પરણેલો હોવાની ખબર પડી હતી અને તેણે લગ્નની ના કહી દીધી હતી. આ પછી તેણે જે તે વખતે પોલીસમાં અરજી કરતાં સમાધાન થતાં મારા રૂપિયા તેણે પરત આપી દીધા હતાં.

યુવતિએ વધુમાં કહ્યું હતું કે ત્યારબાદ ફરીથી તે મારી પાસેથી એક લાખ ઓગણસિત્તેર હજાર લઇ ગયો હતો. આ રકમ હવે તે પાછો ન દેતો હોઇ મેં પોલીસમાં અરજી કરતાં તેનો ખાર રાખી તે રાતે મારા ઘર પાસે આવ્યો હતો અને પાઇપથી હુમલો કર્યો હતો. જેના કારણે મારા પગમાં ફ્રેકચર જેવી ઇજા થઇ છે. હાલ યુવતિ સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. તેણીની ફરિયાદને આધારે યુનિવર્સિટી પોલીસે હુમલાખોર સામે ગુનો દાખલ કરવા તજવીજ કરી હતી.

### કેકેવી ચોકનો બનાવઃ કણકોટનો કેતન સારવાર હેઠળ

# મારથી બચવા વિચિત્ર હરકત યુવાનને કરંટ લાગતાં દાઝયો

રાજકોટ, તા. ૨૨

મારામારીની એક ઘટનામાં માર ખાનારે મારથી બચવા માટે વિચીત્ર હરકત કરી હતી તેના કારણે દાઝી ગયો હતો! શહેરના કાલાવડ રોડ પર કણકોટના પાટીયે રહેતાં અને કેટરર્સમાં કામ કરતાં કેતન અમરશીભાઇ વઢવાણીયા નામના વીસ વર્ષના યુવાનને રાતે કેકેવી ચોકમાં વિજ થાંભલા પાસે વિજકનેક્શનનું સોકેટ ખુલ્લુ હોઇ તેમાં હાથ નાંખી પકડી લેતાં જોરદાર કરંટ લાગતાં હાથના ભાગે દાઝી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.

વધુમાં કેતને કહ્યું હતું કે મારા પિતા જે વિકલાગ છે તે કેકેવી ચોક



નજીક ઝુપડા પાસે હોઇ અને કેટલાક શખ્સો તેને દારૂ પીવડાવતા હોઇ પોતે આ શખ્સોને સમજાવવા જતાં પોતાની સાથે ઝઘડો કરી પાઇપ ધોકાથી હુમલો કરાયો હતો. આ કારણે પોતાને ગુસ્સો આવ્યો હતો અને વધુ મારથી બચવા જાતે જ વિજ સોકેટ પકડી લેતાં કરંટ લાગ્યો હતો. તેની આવી વિચીત્ર કબુલાતથી પોલીસ પણ ચોંકી ગઇ હતી.

# નોકરીના નામે ફ્રોડઃ યુવતિએ કર્યો આપઘાતનો પ્રયાસ

## ઘરે બેઠા નર્સિંગનું સર્ટી આપવાના બહાને યાજ્ઞિક રોડ પર ઓફિસ ધરાવતો શખ્સ નાણા ખાઇ ગયાનો આક્ષેપ

રાજકોટ, તા. ૨૨

નોકરીના નામે ફ્રોડની ઘટનાઓ અવાર-નવાર બને છે. દરમિયાન એક કિસ્સામાં ઘરે બેઠા નર્સિંગના સર્ટિફિકેટની લાલચ આપી રૂપિયા પડાવી લેતાં છેતરાયેલી યુવતિએ રેસકોર્ષ લવગાર્ડનમાં આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

વિગતો જોઇએ તો શહેરના રેસકોર્ષ લવગાર્ડનમાં એક યુવતિએ તાવની બિમારીની વધુ પડતી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરી હતી. નર્સિંગની નોકરીના નામે ફ્રોડ થતાં તેણીએ આ પગલુ



ભર્યુ હતું. રાજકોટ નજીકના ગામની ૨૩ વર્ષની યુવતિએ રેસકોર્ષ લવ ગાર્ડમાં વધુ ટીકડી પી જતાં ઝેરી અસર થતાં સારવાર માટે ખસેડાઇ હતી. તબિબે આ અંગે પોલીસ કેસ જાહેર કર્યો હતો.

વધુ માહિતી અનુસાર યુવતિની સગાઇ થઇ ચુકી છે. જેની સાથે સગાઇ થઇ એ યુવાને કહ્યું હતુ કે-મારી મંગેતરે ઓનલાઇન જાહેરાત વાંચી હતી. જેમાં ભણવા ગયા વગર એટલે કે ઘરે બેઠા અભ્યાસ કરી નર્સિંગનું સર્ટિફિકેટ આપવાની વાત હોઇ સંપર્ક કર્યો હતો. બાદમાં આ ફોન નંબર પર વાત કરનારે પોતાને યાજ્ઞિક રોડ પર હીરા પન્ના પાસેની ઓફિસે બોલાવી રૂપિયા વીસ હજાર લઇ લીધા હતાં. પરંતુ બાદમાં સર્ટિફિકેટ ન મળતાં અને પૈસા પણ પાછા ન અપાતા તેમજ આ શખ્સ ફોન બંધ કરી ગાયબ થઇ ટેન્શનના કારણે મારી મંગતેરે આ પગલુ ભર્યુ હતું. તેમ યુવાને જણાવતાં પોલીસે ખરેખર શું બન્યું? તે જાણવા તપાસ શરૂ કરી હતી.

### વ્યાજંકવાદને ડામવાના પ્રયાસો વચ્ચે વધુ એક ચોંકાવનારી ઘટનાઃ એક પરિવારે આધાર ગુમાવ્યો

# બે વ્યાજખોરના ત્રાસથી ટ્રાન્સપોર્ટરે આપ્યો'તો જીવ

## માલીયાસણમાં પરિચીત મહિલા સાથે રાજકોટના પ્રૌઢે કર્યો હતો આપઘાતઃ એક શખ્સને દસ લાખ આપી દીધા છતાં વધુ ત્રણ લાખ માંગતો હતોઃ બીજો પણ વ્યાજ વસુલતો હતોઃ કુવાડવા રોડ પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટ, તા. ૨૨

વ્યાજખોરીની ઘટનાઓ અવાર-નવાર સામે આવતી રહે છે. અનેક આવા કિસ્સા સામે આવ્યા છે જેમાં વ્યાજખોરોથી કંટાળીને અનેક લોકોએ આત્મહત્યા કે આત્મહત્યાના પ્રયાસ કર્યા છે. એક ચોંકાવનારી ઘટના પોલી સુધી પહોંચી છે. જેમાં કુવાડવા રોડ પરના માલીસાયણમાં પરિચીત મહિલા સાથે આત્મહત્યા કરનારા ટ્રાન્સપોર્ટ સંચાલકે વ્યાજખોરીમાં ફસાઇ જતાં બે વ્યાજખોરોની ધમકીથી કંટાળી જઇ આ પગલુ ભર્યાનું ખુલતાં આ બંને સામે એફઆઇઆર દાખલ થઇ છે. આ પ્રોઢ આરટીઓ પાસેની સોસાયટીમાં રહેતાં હતાં.

વિગતો પર નજર કરીએ તો અઠવાડીયા પહેલા કુવાડવાના માલીયાસણ ગામમાં રાજકોટના ટ્રકચાલક પ્રૌઢ અને એક મહિલાએ સજોડે આપઘાત કરી લીધાની ઘટનામાં ઘરમાંથી મળેલી સ્યુસાઇડ નોટને આધારે એવી વિગતો ખુલી છે કે ટ્રક ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતાં આ પ્રૌઢે બે શખ્સોની વ્યાજખોરીથી કંટાળીને આ પગલુ ભર્યુ હતું. એક શખ્સ પાસેથી ૯ લાખ લઇ રકમ ચુકવી દીધી છતાં વધુ ૩ લાખ મંગાતા હતાં. તેમજ બીજા એકને ટ્રક ખરીદ કરાવ્યો તેમાં આ પ્રૌઢ જામીન હોઇ તે શખ્સ ટ્રકની રકમ ભરપાઇ ન કરી શકતાં આ રકમનું પણ વ્યાજ વસુલાતુ હતું. આને કારણે કંટાળીને તેઓ મરવા મજબૂર થઇ ગયા હતાં. આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે આરટીઓ કચેરી પાછળ નરસિંહનગર-૧માં રહેતાં મુળ માલીયાસણના પચાસ વર્ષના શોભનાબેન મનિષભાઇ વઘેરાની ફરિયાદ પરથી રવિ ડવ અને દિનેશ ડાંગર વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. શોભનાબેન વઘેરાએ જણાવ્યું છે કે હું મારા પરિવાર સાથે રહી લાલપરી ખાતે આંગણવાડી કેન્દ્રમાં કોન્ટ્રાક્ટ બેઝ પર વર્કર તરીકે નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવુ છું.

તેમણે આગળ જણાવ્યું છે કે મારા પતિ મનિષભાઇ અમારે ઘરના ટ્રક હોઇ તેને લગતો વ્યવસ્યા કરતાં હતાં. મારે સંતાનમાં બે દિકરી




અને એક દિકરો છે. સાસુ કમળાબેન મારી સાથે રહે છે. ગત પંદરમી નવેમ્બરના સાંજે છએક વાગ્યે હું અને મારા સાસુ કમળાબેન ઘરે હતાં ત્યારે મારા દિયર યોગેશભાઇ દાનાભાઇ વઘેરા ઘરે આવ્યા હતાં અને જાણ કરી હતી કે મનિષભાઇ અને કાંતાબેન રાઠોડે માલીયાસણ ગામે જુના મકાન ખાતે આવ્યા છે તેથી આપણે બધાએ ત્યાં જવાનું છે. જેથી હું, મારા સાસુ દિયર યોગેશભાઇની કારમાં બેસી ત્યાં માલીયાસણ અમારા જુના મકાને જતાં ત્યાં ઘણા લોકો એકઠા થઇ ગયા હતાં. મેં શું થયું છે? તે બાબતે દિયરને પુછતાં તેણે કહેલું કે તમારા પતિ-મારા ભાઇ મનિષભાઇ અને કાંતાબેન રાઠોડે ઘરમાં છતના પંખામાં દોરડુ બાંધી સજોડે આપઘાત કરી લીધો છે, ૧૦૮ના ડોક્ટરે બંનેને મૃત જાહેર કર્યા છે.

આ પછી પોલીસ આવી હતી અને બંનેના મૃતદેહના પોસ્ટમોર્ટમ કરાવ્યા હતાં. અમે પતિની લાશની અંતિમવિધી માલીયાસણ ખાતે કરી હતી. આ પછી અમે મારા પતિ અને કાંતબેને જ્યાં આપઘાત કર્યો હતો ત્યાં જતાં ઘરમાં તપાસ કરતાં અમને મારા પતિએ લખેલી સ્યુસાઇડ નોટ મળી હતી. અંતિમવિધી બાદ અમે પોલીસને સ્યુસાઇડ નોટ બાબતે વાતક રી હતી. જેમાં મારા પતિએ લખ્યું હતુ કે મેં રવિ ડવ પાસેથી રૂા. ૯ લાખ ૧૦ ટકા વ્યાજે લીધા છે. આ રકમ વ્યાજ સહિત પરત આપી દીધી હોવા છતાં, રવિ ડવ હજુ પણ બાકી વ્યાજના નામે રૂ. ૩,૦૦,૦૦૦ની અવારનવાર ઉઘરાણી કરીને માનસિક ત્રાસ આપી રહ્યો હતો.આ ઉપરાંત દિનેશ ડાંગર પાસેથી મારા પતિએ ટ્રક લીધો હતો. તેમજ મારા પતિએ પ્રદિપ રાઠોડને પણ ટ્રક અપાવ્યો હતો. જેમાં તે જામીન હતાં.

તેમજ પ્રદિપભાઇ ટ્રકના રૂપિયા આપી શકે તેમ ન હોઇ જેથી દિનેશ ડાંગર મારા પતિ પાસે પાંચ લાખની ઉઘરાણી કરી આ રકમ માટે દબાણ કરતાં હતાં. તેમજ દિનેશ ડાંગર બાકી રહેતી રકમ પર ૩ ટકા લેખે વ્યાજ પણ વસૂલતા હતા, જેના કારણે મારા પતિ ભારે દબાણ અનુભવી રહ્યા હતા. ચિઠ્ઠીમાં મારા પતિએ ટ્રક, ગાડીના હિસાબો તેમજ અન્ય સંબંધીઓ પાસેથી લીધેલ હાથ ઉછીના અને ટાયરની દુકાનના લેણાંની વિગતો પણ લખી હતી. કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના ઇન્સ. બી. પી. રજયાની રાહબરીમાં પીએસઆઇ બી. વી. ભગોરાએ મનિષભાઇને મરવા માટે મજબૂર કરનારા બંને શખ્સોરવિ અને દિનેશ વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. આમ વ્યાજંકવાદ વધુ એક પરિવારના આધારને છીનવી ગયાનું સામે આવ્યું હોઇ પોલીસે તપાસ શરૂ કરી હતી.

રાજ્યના દરેક સરકારી વિભાગોમાં કામગીરીનું ભારણ ભૂતકાળ કરતાં વધ્યું

# અપૂરતા સ્ટાફથી મનપાના કામો ખોરંભે

## રાજકોટ મનપાનું મંજૂર મહેકમ ૪૩૮૯ જેમાંથી ૨૫૬૯ જગ્યાઓ ભરેલી સામે ૧૮૨૦ જગ્યા આજે પણ ખાલીખમ
## મહત્વની ગણાતી ૧૪ જગ્યા ઇન્ચાર્જના હવાલે : ચાલુ વર્ષમાં વર્ગ ૧,૨ અને ૩ ની ૨૨૮ જગ્યા ભરવાનો લક્ષ્ય




રાજકોટ, તા. ૨૨

હાલ રાજ્યના દરેક સરકારી વિભાગોમાં કામગીરીનું ભારણ ભૂતકાળ કરતાં ખાસો એવું વધી ગયું છે જેની પાછળનું સૌથી મોટું કારણ એ પણ છે કે હાલ જે રીતે વસ્તી વધી રહી છે સામે લોકોને સુવિધા આપવાનું કાર્ય પણ સતત વધતું રહે છે પરંતુ સામે સરકારી વિભાગોમાં પૂરતા સ્ટાફની ભરતી થઈ ન હોવાના કારણે ઘણા ખરા કાર્યો ઇન્ચાર્જના હવાલે ચાલતા હોય છે તો ઘણા ખરા કિસ્સામાં મંજૂર થયેલું મહેકમ પણ ભરવામાં આવતું નથી ત્યારે વિભાગ ઉપર કામનું ભારણ પણ ખાસું એવું. રાજકોટની વાત કરવામાં આવે તો દરેક સરકારી કચેરીઓમાં મંજૂર થયેલા મહેકમ મુજબ કામગીરી થતી નથી કારણ કે મંજુર થયેલી જગ્યાઓ હજુ પણ ખાલી ખમ છે અને ઘણાખરા કિસ્સાઓમાં તો ભરતી પ્રક્રિયા પણ કરવામાં આવી નથી ત્યારે રાજ્ય સરકારને અનેક વખત આ બાબતે રજૂઆત કરવામાં આવતી હોય છે પરંતુ જે ગતિએ ભરતી થવી જોઈએ તે ન થતા કામનું ભારણ સરકારી કર્મચારીઓ તથા અધિકારીઓ ઉપર ખાસુ વધી જતું હોય છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ મહાનગરપાલિકા માં ઘણી ખરી જગ્યાઓ વર્ગ એકથી લઈ વર્ગ ચાર સુધી ખાલી પડેલી છે જેને ભરવા માટે અનેકવિધ વખત રજૂઆત કરવામાં આવી પરંતુ કોઈ યોગ્ય જવાબ અથવા તો કામગીરી થતી હોવાનું માલુમ પડ્યું છે અને પરિણામ સ્વરૂપે લોકોને જે સુવિધા મળવી જોઈએ તે મળી શકતી નથી અને તેઓએ પણ હેરાન થવું પડે છે. હાલની જો સાંપ્રત પરિસ્થિતિ અંગે વાત કરવામાં આવે તો અત્યારની સ્થિતિ ખૂબ દયનીય છે કારણ કે વર્ગ એકમાં પણ ઘણી ખરી જગ્યાઓ ખાલી ખમ પડેલી છે જેને આજ દિન સુધી ભરવામાં આવી નથી અને પરિણામ સ્વરૂપે તે વિભાગનું કામ પણ સુચારું રૂપથી ચાલતું નથી. જેના પર હવે રાજ્ય સરકારે પણ ખાસ વિચાર કરવો જરૂરી છે.

રાજકોટ મહાનગરપાલિકાની વાત કરવામાં આવે તો વર્ગ એક અને બે ની કુલ ૧૮૪ જગ્યાઓ મંજૂર થયેલી છે જેમાંથી માત્ર ૧૩૧ જગ્યાઓ ભરેલી છે અને ૫૩ જગ્યાઓ હજુ પણ ખાલી છે આ એ જગ્યાઓ છે કે જેનું કામ ખૂબ મહત્વનું છે અને વહીવટી પ્રક્રિયા માટે પણ એટલી જ આવશ્યક છે પરંતુ આજ દિન સુધી આ જગ્યાઓ ભરવામાં આવી નથી જેની પાછળ તંત્ર દ્વારા કહેવામાં આવે છે કે આવનાર સમયમાં આ અંગે નિર્ણય લેવામાં આવશે અને કામગીરી વધુ સરળ અને સુદ્રઢ થાય તે દિશામાં પગલાં લેવાશે. પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિ અંગે જો ચર્ચા કરવામાં આવીને ડોકિયું કાઢવામાં આવે તો મહાનગરપાલિકાની કામગીરી એટલી હદે ખોળવાઈ ગઈ છે કે અહીં આવતા લોકોએ હેરાન થવું પડે છે કારણકે અહિકારીઓના અભાવે વહીવટી કામગીરી થતી નથી. હાલ જો ચર્ચા કરવામાં આવે તો વર્ગ એક માટે ૩૫ જગ્યાઓ મંજૂર થયેલી છે જેમાંથી ૧૧ જગ્યાઓ જ હાલ ભરેલી હોવાનું માલુમ પડ્યું છે અને ૨૪ જગ્યાઓ ખાલી છે બીજી તરફ વર્ગ-૨ ની જો વાત કરવામાં આવે તો ૧૪૯ જગ્યાઓ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે જેમાંથી ૧૨૦ જગ્યાઓ ભરેલી છે અને ૨૯ જગ્યાઓ હજુ પણ ખાલી ખમ છે જેને આજ દિન સુધી ભરવામાં આવી નથી એમ કુલ ૧૮૪ જગ્યાઓ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી જેમાંથી ૧૩૧ જગ્યાઓ ભરેલી છે અને ૫૩ જગ્યાઓ ખાલી પડેલી છે જેના પર હાલ આગામી દિવસોમાં ચર્ચા વિચારણા કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે.

મળતી માહિતી મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે વર્ષ ૨૫- ૨૬ એટલે કે ચાલુ નાણાકીય વર્ષમાં વર્ગ એક માટે કુલ નવ જગ્યાઓ ભરવામાં આવશે અને વર્ગ-૨ માટે નવ જગ્યાઓ ભરાશે એટલે કુલ બંને વર્ગ માટે ૧૮ જગ્યાઓ ભરવામાં આવનારી છે છતાં પણ ઘણી ખરી જગ્યાઓ હજુ પણ ખાલી રહેશે તેમાં કોઈ શંકા અને સ્થાન. આ મહેકમ સરકાર દ્વારા અગાઉ મંજૂર કરવામાં આવ્યું હતું છતાં પણ આજ દિન સુધી આ અંગે કોઈ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવી નથી. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ એડિશનલ સીટી એનજીનીયર સિવિલ, સીટી એન્જિનિયર સ્પેશિયલ, કાર્યપાલક ઈજનેર, ડાયરેક્ટર આઈટી, નાયબ મ્યુનિસિપલ કમિશનર ની જગ્યાઓના મૌખિક ઈન્ટરવ્યૂ ની કાર્યવાહી પૂર્ણ થઈ ચૂકી છે અને આગળની કાર્યવાહી માટે ઓફિસર સિલેક્શન કમિટીને નામ મોકલી આપવામાં આવ્યા છે. તો બીજી તરફ એડિશનલ સીટી એન્જિનિયર ઈલેક્ટ્રિકલ તથા મિકેનિકલની એક જગ્યા અને પર્યાવરણ ઈજનેરની એક જગ્યાની ભરતીની કાર્યવાહી હાલ ચાલી રહી છે. તો સામે વર્ગ-૨ ની નાયબ કાર્યપાલક ઈજનેર સનવર્ગની જગ્યાઓ ખાલી છે તે જગ્યાઓ બઢતીની હોવાથી આગામી ડિસેમ્બર માસની ડીપીસી મીટીંગમાં બઢતી આપી આ જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરાશે.

મહત્વનું તો એ છે કે વર્ગ ત્રણ અને વર્ગ ચાર ની જગ્યાઓ પણ ઘણી ખરી ખાલી પડેલી છે. આંકડાકીય માહિતી જો મેળવવામાં આવે તો વર્ગ ત્રણ માટે ૨૮૦૧ જગ્યાઓ મંજૂર થયેલી છે જેમાંથી ૧૯૦૩ જગ્યાઓ ભરેલી છે અને ૮૯૮ જગ્યાઓ હજુ પણ ખાલી પડેલી. તો બીજી તરફ વર્ગ-૪ માં ૧૪૦૪ જગ્યાઓ મંજૂર મહેકમ છે સામે ૫૩૫ જગ્યાઓ ભરેલી છે અને ૮૬૯ જગ્યાઓ ખાલી પડેલી છે. એમ કુલ ૪૨૦૫ મંજૂર જગ્યાઓ સામે ૨૪૩૮ જગ્યાઓ ભરેલી છે અને ૧૭૬૭ જગ્યાઓ ખાલીખમ છે. મહાનગરપાલિકા દ્વારા ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન વર્ગ ૩ માટે ૨૧૦ જગ્યાઓ ભરવાનો નિર્ણય લીધો છે. છતાં પણ હજુ ઘણી ખરી જગ્યાઓ આ વર્ગની પણ ખાલી રહેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

ભરતી પ્રક્રિયા માટે જો બીજું કોઈ પરિબળ ચકાસવામાં આવે તો ઇન્ચાર્જ જોને ઘણા ખરા વિભાગોની જવાબદારી સોંપી દેવામાં આવી છે. જેમાં આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર, ફાયર ઓફિસર, સીટી એન્જિનિયર, ડાયરેક્ટર આઈટી, ડાયરેક્ટર પાર્ક એન્ડ ગાર્ડન, નાયબ મ્યુનિસિપલ કમિશનર, એડિશનલ સીટી એન્જિનિયર તથા નાયબ કાર્યપાલક ઈજનેર સિવિલની જગ્યાઓ ઈન્ચાર્જના હવાલે છે અને આ કુલ જગ્યા ૧૪ હોવાનું માલુમ પડ્યું છે. મહાનગરપાલિકા દ્વારા અગાઉ પણ આ અંગે અનેક વખત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને ખાસ તો એ બાબતે પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે જો આવનારા દિવસોમાં ખાલી પડેલી જગ્યાઓની પૂર્તિ કરવામાં નહીં આવે તો આવનારા સમયમાં ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા થઈ શકે છે કારણ કે દિવસેને દિવસે કામનું ભારણ જે ગતિએ વધી રહ્યું છે તેને પહોંચી વળવા માટે ઇન્ચાર્જ નહીં રેગ્યુલર ચાર્જમાં અધિકારીઓ તથા કર્મચારીઓની ભરતી કરવામાં આવે તે ખૂબ જરૂર છે. ઘણી ઘણી જગ્યાઓની ભરતી મહાનગરપાલિકા પોતે કરી શકે તેમ છે અને તે અંગેનો અધિકાર પણ સરકાર દ્વારા આપવામાં આવ્યો છે છતાં પણ હાલ આ કામગીરી કરવામાં મનપા જાણે આળસ ખાઈ રહી હોય તેવું જણાય છે બીજી તરફ આઉટસોર્સિંગ કરવાના બદલે રેગ્યુલર ભરતી કરવામાં આવે તો પણ ઘણા ખરા પ્રશ્નોનું નિવારણ આવી શકે છે. અત્યારે હવે જોવાનું રહ્યું સરકાર અને ખાસ મ્યુનિસિપલ કોર્પોરેશન ક્યારે ભરતી અંગે યોગ્ય નિર્ણય લેશે.

# SIRની કામગીરીથી શિક્ષણ સંગઠન નારાજ

## ઓનલાઇન કામગીરી કોમ્પ્યુટરના જાણકાર લોકો અથવા તો આઉટસોર્સિંગ કરાવવા માંગ : મૃત્યુ પામેલ શિક્ષકોના પરિવારને એક-એક કરોડની સહાયની માંગણી




રાજકોટ તા..૨૨

હાલ સમગ્ર રાજ્યમાં મતદાર સુધારણા ની કામગીરી પૂરજોશથી ચાલી રહી છે અને નિયત સમયમાં પૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર અને સ્થાનિક પ્રશાસન દ્વારા એડીચોટી નું જોર લગાવવામાં આવી રહ્યું છે બુથ લેવલ અધિકારીઓની કામગીરી તમામ સરકારી વિભાગોના કર્મચારીઓને સોંપવામાં આવી છે પરંતુ સમગ્ર દેશમાં હાલ બી.એલ.ઓ આત્મહત્યા કરી રહ્યા હોવાની જે વાત સાંભળવા મળી હતી તે ખરા અર્થમાં ગુજરાતમાં પણ ચરિતા થઈ છે માનસિક ત્રાસના કારણે અને કામગીરી પણ કરવાના દબાણ તળે રાજ્યના ત્રણ શિક્ષકોએ જીવ ગુમાવી દીધો છે અને તેના પ્રત્યાઘાતો સમગ્ર રાજ્ય પર જોવા મળી રહ્યા છે. શિક્ષકોના મોત બાદ ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કર્મચારી સંઘ સંકલન સમિતિ દ્વારા દુઃખ વ્યક્ત કરવામાં આવ્યું છે અને ખાસ મુખ્યમંત્રી ને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ સમગ્ર રાજ્યમાં મતદાર સુધારણા ની ઓનલાઇન કામગીરી જે છે તેને ઝડપથી પૂર્ણ કરવા ગ્રાન્ટેડ શાળા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને કામે લગાડી દીધા છે. પરિણામ સ્વરૂપે મુળી રાત્રી સુધી તેઓને બેસાડી રાખવામાં આવે છે અને કામગીરી માટે ધક્કા ખવડાવવામાં આવતા હોવાનું પણ જાણવા મળ્યું છે. બીજી ફરિયાદો ઉપર જો ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો આ મતદાર સુધારણા ની કામગીરી ચાલતી હોવાના કારણે સરકારી સર્વર તોબા પોકારી ઉઠ્યું છે. તો કામગીરીના સમયે બુથ લેવલ અધિકારીની મીટીંગો બોલાવવામાં આવે છે અને પરિણામ સ્વરૂપે કામગીરી પૂર્ણ થતી નથી તો સામે ઉચ્ચ અધિકારીઓ દ્વારા ફટકો પણ મળતો હોય છે. સામે કર્મચારીઓ દ્વારા એવી પણ ફરિયાદ કરવામાં આવી છે કે હાલ જે કામગીરી તેઓને સોંપવામાં આવી છે તેમાં પૂરતો સહકાર પણ મળતો નથી તો બીજી તરફ અધિકારીઓ દ્વારા કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરવા માટેનું પ્રેશર પણ આપવામાં આવે છે જે ખરા અર્થમાં યોગ્ય નથી.

આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે ત્યારે હાલ જે સ્થિતિ ઊભી થઈ છે તેમાં એસઆઇઆરની કામગીરી એક લોગીન મારફતે થતી હોય છે તેના બદલે પહેલાંની જેમ બીજા બેથી ત્રણ લોગીન નો એક્સેસ આપવામાં આવે અને મહિલા કર્મચારીઓને મોડે સુધી બેસાડી ન રખાય અને ઓનલાઇન કામગીરી અન્ય કર્મચારી કે જેઓ કોમ્પ્યુટર અને ટેકનોલોજી સારી રીતે જાણતા હોય તેઓને સોંપવામાં આવે અથવા તો આઉટસોર્સિંગ યુવાનો પાસે કરાવવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

આ ઉપરાંત મતદાર યાદી સુધારણાની કામગીરી દરમ્યાન જે ત્રણ શિક્ષકોના મૃત્યુ થયા છે તેઓના પરિવારજનોને રૂા.૧-૧ કરોડની સહાય આપવા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કર્મચારી સંઘ સંકલન સમિતિએ માંગણી ઉઠાવી વધુમાં એવું પણ આ રજૂઆતમાં જણાવ્યું છે કે એસઆઈઆરની કામગીરીમાં સમય મર્યાદામાં વધારો કરવામાં આવે, સર્વરને અપડેટ કરવામાં આવે, તેમજ શિક્ષકો સાથે શિક્ષકની ગરીમા જળવાઈ એ રીતે વહેવાર કરવા માટે સૂચના આપવામાં આવે, એસઆઈઆરની કામગીરી માટે ઈન્સ્ટુમેન્ટ અને ડેટા રીચાર્જ કરી આપવામાં આવે તેમજ જે શિક્ષકોને નોટીસ ફટકારવામાં આવી છે.તે નોટીસોને પાછી ખેંચવા આ સંકલન સમિતિના હોદેદારોએ અલ્ટીમેટમ આપી જણાવ્યું છે કે જો તેઓની આ માંગણીનો સ્વીકારવામાં નહીં આવે તો એસઆઈઆરની કામગીરીનો બહિષ્કાર કરવામાં આવશે.

સંગઠન દ્વારા મુખ્યમંત્રીને કરાઈ રજૂઆત

# દબાણ હટાવ શાખાએ ૭ મહિનામાં ૨૬ હજાર બોર્ડ બેનરો કર્યા જપ્ત

## કામગીરી છતાં સ્થિતિ જેમ છે તેમ જ, રોડ પર દબાણ કરી વેપાર કરતા વેપારીઓમાં નથી કોઈ ડર : કડક કાર્યવાહીનો અભાવ



રાજકોટ, તા. ૨૨

મહાનગરપાલિકાના ઘણા ખરા એવા વિભાગો છે કે જે વ્યાપારીઓને સ્વયમ શિસ્ત જાળવવા માટે મહેનત કરતું હોય છે પરંતુ ક્યાંક ને ક્યાંક લોકોની એટલે કે વેપારીઓની પણ સમજ અને ખાસ તો મહાનગરપાલિકા નો જે રુવાબ છે તેને જોઈને ઘણી ખરી રીતે વેપારીઓ મર્યાદા ચૂકી જતા હોય છે તેના પર અંકુશ લાદવા માટે દબાણ હટાવ શાખા કાર્ય કરી રહી છે. પરંતુ કમનસીબી એ છે કે મહાનગરપાલિકાના એક પણ વિભાગ દ્વારા એવી કોઈ કામગીરી કે કાર્યવાહી કરવામાં આવતી નથી કે જેનાથી લોકોમાં ડર રહે અને તેઓ મર્યાદામાં રહીને પોતાનું કાર્ય કરે. દબાણ હટાવ વિભાગની વાત કરવામાં આવે તો આ વિભાગ મુખ્યત્વે રોડ ઉપર જે લારી રાખીને વેપાર કરતા હોય અને દબાણ કરતા હોય તેમને દૂર કરવા માટે કામ કરતું હોય છે અને ખાસ તો જ્યારે ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવતી હોય તે સમયે તેમને સાથ અને સહકાર આપવામાં. હાલ દબાણ હટાવ શાખા દ્વારા જે પગલાં લેવામાં આવી રહ્યા છે તેને જોતા એ વાત તો સ્પષ્ટ છે કે આજે પણ લોકોમાં આ વિભાગનો ડર સહેજ પણ નથી કારણકે મળતી માહિતી મુજબ છેલ્લા ઘણા સમયથી અનેક અડચણરૂપ ચીજ વસ્તુઓ દૂર કરવામાં આવી રહી છે છતાં પણ સ્થિતિ જે છે તેમ જ જોવા મળે છે ત્યારે આ વિભાગ દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવે અને ઉદાહરણ સ્થાપિત કરાય તો જ રસ્તા ઉપર ગેરકાયદેસર જે વિક્રેતાઓ વેપાર કરી રહ્યા છે તેમની શાન ઠેકાણે આવશે. અગાઉ પણ અનેક વખત આ પ્રકારની ફરિયાદ ઉઠવા પામી હતી છતાં તેનો યોગ્ય ઉકેલ વિભાગ લાવી શક્યું નથી જે ઘણું ખરું કહી જાય છે.

મળતી માહિતી મુજબ રાજકોટ મહાનગરપાલિકાના દબાણ હટાવ શાખાની ટીમ દ્વારા શહેરના મુખ્ય માર્ગો અને ફૂટપાથ પર અસ્થાયી દબાણો હોય તેને ડ્રાઇવ યોજી દૂર કરવામાં આવે છે. વિશેષમાં આ શાખાને જે પણ ઓનલાઇન અથવા તો લેખિત ફરિયાદો મળતી હોય તેનો નિકાલ કરવાની જવાબદારી પણ તેઓના શિરે છે ત્યારે રાજકોટના મુખ્ય માર્ગો પરના ફૂટપાથ ઉપર ઘર વિહોણા લોકો વસવાટ કરે છે તો તેઓને ત્યાં શિફ્ટ કરવાની પણ કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ છેલ્લા સાત મહિનામાં દબાણ હટાવ શાખા દ્વારા ૭૦૦ રેકડી તથા કેબિનને જપ્ત કરવામાં આવી તો સામે ૭,૮૫૪ જેટલી પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે, તથા શાકભાજી ફળો ની વાત કરવામાં આવે તો ૩૧ હજાર કિલો જથ્થો જપ્ત કરાયો છે જ્યારે ૨૬,૦૦૦ થી વધુ બોર્ડ તથા બેનરો દબાણ હટાવ શાખા દ્વારા જપ્ત કરાયા છે. ગેરકાયદે મંડપ તથા કમાન બાંધેલા હોય તેમના પર ૩૭ લાખનો દંડ કરવામાં આવ્યો અને વહીવટી ચાર્જ પણ ૩૩ લાખથી વધુનો વસૂલવામાં આવ્યો છે.

આ તમામ કામગીરી કરવા છતાં આજે પણ વેપારીઓ દ્વારા રોડ રસ્તા પર તેઓ વેપાર કરતા નજરે પડે છે અને દબાણ હટાવ શાખા દ્વારા જપ્ત કરાયેલા ચીજ વસ્તુઓને દંડ ભરી ફરીથી મેળવી જે તે જગ્યા ઉપર જ વ્યાપાર કરતા નજરે પડે છે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ હાલજે ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે તે એ જ છે કે આજ દિન સુધી જે કડકાઈથી કામગીરી થવી જોઈએ તે થઈ શકી નથી અને પરિણામ સ્વરૂપે આ પ્રકારના વેપારીઓ પોતાનો વેપાર કરી નાણા રળે છે અને દબાણ હટાવ શાખા કામગીરી દેખાડવા માટે વસ્તુ જપ્ત કરી સામે દંડ ભરાવી તેને પરત પણ આપી દે છે. ખરા અર્થમાં જરૂરી એ છે કે કડક નિર્ણયની અમલવારી અને યોજના બનાવવામાં આવી જોઈએ જેથી દંડિત થયેલા વેપારીઓ સમજી શકે કે હવે લાલિયા વાળી નહીં ચાલે અને તેઓને જે જગ્યા વેપાર કરવા માટે આપેલી છે ત્યાં જઈને જ તેઓ વેપાર કરે જેથી રોડ પરના દબાણો સંપૂર્ણપણે દૂર થાય.


# શ્રદ્ધાંજલિ



સ્વ. નાથાભાઈ લીંબાભાઈ સોરાણી

ગામ : બેડલા

રાજકોટ - લોધિકા ખરીદ વેચાણ સંઘના ડીરેક્ટર અને કોળી સમાજના અગ્રણી બેડલા (તા.રાજકોટ) નિવાસી નાથાભાઈ લીંબાભાઈ સોરાણી(ઉ.વ.૯૧) તે મનસુખભાઈ અને રમેશભાઈના પિતા તા.૨૧.૧૧.૨૦૨૫ ના રોજ અવસાન થયું છે. જેનું અમોને ઘણું દુઃખ છે. ઈશ્વર ઈચ્છા બળવાન. સદગતની સરવણી (પાણીઢોળ) તા. ૨૮ ને શુક્રવારે રાખેલ છે.

લી. મનસુખભાઈ નાથાભાઈ સોરાણી,
રમેશભાઈ નાથાભાઈ સોરાણી,
હિતેશભાઈ રણછોડભાઈ સોરાણી,
અનિલભાઈ વલ્લભભાઈ સોરાણી
મુ. બેડલા તા.જી.રાજકોટ